ॐ

शब्द प्रकाश, मोक्षमार्ग, हृदय उजाश,

भजनावळी पुस्तक.

રચનાર.

સ્વામી ગોવીંદ આનંદજી મુનીશા આનંદજી

પ્રકટ કરનાર.

ઠાકોર ગુલાબસીંહજી જયસીંહજી.

તથા

ઠાકોર રામસીંહજી જયસીંહજી.

રહેવાશી અમદાવાદ.

ઠેકાણુ શાહપુર બખારાની પોળ.

સંવત ૧૯૬૮ પ્રત ૫૦૦ અને ૧૯૧૨

અમદાવાદ.

શ્રી 'રામકૃષ્ણ' પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. મગનલાલ હરિવલ્લભદાસે છાપ્યું.

પાંચકૂવા-રીલીફરોડ.

કીંમત. ૦-૮-૦

આ ચોપડીમાં નીચે મુજબ ભુલો રહી ગઈ છે તે વાંચનારે સુધારીને વાંચવી.

ભજન	પાનું	કડી	લીટી	અશુદ્ધ	શુદ્ધ
દુહા	૨	૩	૬	ઉપમા સહીત	ઉપમા રહિત.
૪	૬	૧	૧	ઝેરી ઝેરી	ઘેરી ઘેરી
૬	૯	૭	૩	વૈરાગ	વૈરાટ
૩૨	૩૭	૧	૧	રહી	રઈ
૩૯	૪૯	છેલી	૨	ક	કયો
૪૧	૫૧	૨	૨	ને	મે
૪૭	૬૧	૨	૨	આલે	આવે.
૫૨	૬૮	૫	૧	સબન	શબ્દ.
૫૭	૭૬	૨	૧	કૌરવ	આઈકૌરવ.
૫૮	૭૯	૦	૩	માતાજી	માજી.

દરસે છે અને કદાપી કોઈ અર્થ ન સમજી શકાય તો મહાત્મા સંતોને પુછવાથી સમજાશે. અને પછી આ પુસ્તક છાપેલામાં કાંઈ પણ ભુલચુક હશે તો અમારા ઉપર કૃપા કરી મહાત્મા સંત સુધારી આપશે. અમો એમનો ઘણો ઉપકાર માનીશું અને આ કામમાં મદદ કરી મહાત્માઓ ભુલચુક સુધારી આપશે એવી આશા છે.

આ પુસ્તક નીચેને ઠેકાણેથી વેચાતાં મલશે.

ઠાકોર ગુલાબસીંહજી જયસીંહજી.

તથા

ઠાકોર રામસીંહજી જયસીંહજી ને ત્યાંથી

અમદાવાદમાં **શાહપુરમાં બખારાની પોળમાં**

બીજુ ઠેકાણું.

રા. રા. કેશવલાલ દલપતરામને ત્યાંથી

અમદાવાદ સ્વામીનારાયણના મંદીર પાસે **બકરીવાળી પોળ.**

પુસ્તક મળશે. કીંમત. ૦-૮-૦

ગ્રાહકોને સૂચના.

જે કોઈ આ પુસ્તકો એક ડઝન એટલે ૧૨ પુસ્તક સામટાં રાખશે તેને એક પુસ્તક ઇનામ મળશે અને પરગામના લોકો મંગાવશે તો ટપાલ ખર્ચ જુદું પડશે. હમો વેલ્યુપેબલ કરીને ટપાલ મારફતે પુસ્તક મોકલી આપશું. આ પુસ્તકમાં લખેલા ભજન વીગેરે છે. તે સર્વે સ્વામી ગોવીંદ આનંદજીએ અમદાવાદમાં અન્નક્ષેત્રના રહેવાશી સ્વામી પ્રાગ્ય ચક્ષુ હરનામગરજી સ્વામીજી મહારાજ તથા ધ્રાંગધ્રાના રહેવાશી સ્વામીજી દ્વારકા આનંદજી અમદાવાદમાં ઘણા દીવસ રહ્યા હતા તે બન્ને મહાત્માઓ આગળ આ પુસ્તકમાં લખેલા ભજન ગાઇને તથા પંચીકરણના કોષ્ટકના અર્થ તથા વેદાંતની પ્રક્રીયાઓના અર્થ વાંચી સંભળાવેલા તેથી એ મહાત્માઓ ઘણા ખુશી થયા અને ગોવીંદ આનંદજીને મહાત્માઓએ કહ્યું કે તમે કોઇ સેવકને કહીને ગુજરાતી ભાષામાં આ પુસ્તક છપાવો કેમકે સર્વે હરીજન ભકતોના ઉપયોગનું છે તેથી ગોવીંદ આનંદજી સ્વામીએ અમોને આજ્ઞા કરી કે તમે આ પુસ્તક છપાવો પછી એમનું વચન સાંભળીને અમોએ સત ધર્મથી નીયમ લીધો છે કે આ પુસ્તકની જે કીંમત આવે તેમાંથી તે કામને સારૂ કાગળ છપામણીને મહેનત વીગેરે જે કંઇ ખરચ થાય તે

બાદ કરીને જે આ પુસ્તકો વેચાતાં પૈસા વધશે તે મહાત્મા સંતોને જમાડવા અથવા ધરમાદા ખાતે વાપરવા એવો અમોએ સત ધર્મથી નીયમ રાખ્યો છે માટે જીજ્ઞાસુ, ગુરૂ મુમુક્ષુ, અધીકારીઓ, તથા ભકતો તથા હરીજનો, આ પુસ્તકનો મહીમા જાણશે અને ખરીદ કરશે બીજુ અને લક્ષ્મી પતી ધનવાન ગૃહસ્થોને આ પુસ્તક વાંચી તે પુસ્તકોની ખરીદ કરી ધર્માદા ખાતે વહેંચી આપવા તે ફરજ છે કેમકે હરી સ્મરણ કરવું ને કરાવવું. તે કામમાં ધન વાપરવું એજ મોક્ષ છે. એજ વિનંતી.

સાંકળીયું.

આ પુસ્તકમાં હિંદુસ્તાની તથા ગુજરાતી ભાષાનાં ભજનો લખ્યા છે તે વાજીંત્ર સાથે દરેક ભજનની કડી મહીં મહીં ડબલ ઉલટાવીને ગાવાની છે. અને બીજાં ભજનો અંદર મોઢે કથીને પણ કહેવાનાં છે. તે હરીજન ભગતો, ભજનના ગવૈયાઓ, એ રાગને સમજી લઇને ગાશે.

शब्द प्रकाश, मोक्ष मार्ग, हृदयउजास

भजनावळी पुस्तक.

ॐ तत्सत्



गुणपति

ब्रह्मानन्दं परम सुखदं केवलं ज्ञान मूर्तिं,
द्वंद्वा तीतं गगनसदृशं तत्व मस्यादि लक्ष्यं,
एकं नीत्यंविमलमचलं सर्वधीसाक्षीभूतं,
भावातीतंत्रिगुण रहितं सद्गुरुं तंनमामि, ॥ १ ॥

॥ ॐ शांति : शांति : शांति : ॥

श्री श्री ॥ १०८ श्री स्वामीजी माहाराज मुनिसा

आनंदजीनी कृपाथी गोविंदआनंद ए गुरुचरण प्रेमानां प्रकाशथी भजन बोल्या छे. ते आ पुस्तकमां लख्या छे. बोलो स्वामीजी महाराजकी जे : ॥

દુહા.

પ્રથમ સમરૂં ગુણપતિ, સારદા લાગું પાય;
બલિહારી ગુરૂદેવને, જીન્ને ગોવિંદ દીયો બતાય. ૧
સતગુરૂને ચરણે નમુ, માગું પ્રેમ પ્રસાદ;
દયા કરીને દીજીએ, હરીરસઅમૃત સ્વાદ. ૨
વાણી ના શકે વરણવી, સદગુરૂ કેરૂ સ્વરૂપ;
મન બુદ્ધિ પહોંચે નહિં. ઊપમા સહિત અનુપ. ૩
પ્રથમ કુરણ પ્રેમશું વંદુ સતગુરૂ ચરણ.
તાપ ટળે સંસારનાં મટે જન્મને મરણ. ૪
એક શબ્દ ગુરૂદેવકો, વાકો અંત વિચાર;
પંડીત મુની થક ગયે વેદ ન પામે પાર. ૫
હૃદય રવી પ્રગટયો હુવો તીમીરકો નાસ;
ચોદલોક તીન ભુવનમેં સો હંમ સો પ્રકાસ. ૬
ગોવિદઆનંદ ગુરૂ ચરણમાં, હરદંમ ચિત્ત લગાય;
બ્રહ્માકાર વર્તી કરી, એ તેજમે તેજ મીલાય. ૭

ભજન ૧.

સંતનકી સંગ, બાજે એક તારાજી;—ટેક.
બોલે આદ અંત, ઓંકારા,

સંતનકી સંગ, બાજે એક તારાજી;
ગુણપતિ દાતા, સરસ્વતિ માતા.
પિતા સો હંમ, પરકાશાજી;
સ્વાસો સ્વાસે, બાજે એકતારા.
આ મહાસુનમેં, સમાયા. સંતનકી. ૧
ચામ દઈસે મઢયા એકતારા,
કરમકી રેખા લગાઇજી;
અકલ આંકડી અજબ બનાઇ,
એભે ભમરી સમાઇ. સંતનકી. ૨
વરતી વાંસ હયે નિરધારા,
મોહોરા મુગટ ચઢાયાજી:
અવાચ વાચ હુવા તબજાગે,
શબ્દ મહીં સમાયા. સંતનકી. ૩
મન મંજીરા સુરતા ઘોડી
ન કલંકી તાર ચઢાયાજી;
અનહદ બાજાં બાજે ગગનમે,
ઉપજયાં યાં સમાયાં. સંતનકી. ૪
મુનીસાઆનંદજી ગુરૂ અમારે
એ અજબ અવાજ સુણાયાજી;
ગોવિંદઆનંદ ગુરૂ ચરણમે,
એ તેજમે તેજ મીલાયા. સંતનકી. ૫

ભજન ૨. (ભાષા ગુજરાતીનુ પદ)

વરતી પાખંડીરે, ધુતારાના માલ એ ખાય,--ટેક.
કુટુંબને પાળેરે, કબુદ્ધિ નારી કહેવાય.
આ નગરમે વરતી નાયકા. નાચે કુદે ગુણુગાય.
એના સાંભળનારા લોભી લાલચુ, તે મગન થઇ જાય.
જીણે રાગે ગાયરે, એની વહુમે સર્વે તણાય.
વરતી પાખંડીરે. ૧
અનેક વાજીંત્ર ત્રણ ગુણ વગાડે, નાયકા મસ્ત થઇ જાય.
ચાળા કરેને ચિત્ત હરે પીંડ બ્રહ્માંડ ડોલાય,
લક્ષ ચોરાશીરે, નીચ્ચે નરકે લઈ જાય. વરતી પાખંડીરે. ૨
કાળ ક્રોધ મોટા રાજા; આનગરમે કહેવાય,
એવા નર જોવા મળે, નાયકાની પુઠે જાય.
નહિં ચેન એનેરે, રાતદીવસ મેં રોળાય.
વરતી પાખંડીરે. ૩
અહંકાર અભિમાન કુલ્યા ફેલાય, એ કોઇથી ન જીતાય,
એવા નરને ઢાળી નાંખ્યા. મહા બળવંતી કહેવાય;
ચરીત્ર એનાંરે, સર્વેને ફોલી ખાય. વરતી પાખંડીરે. ૪
પાંચ પચીશ મોહને મમતા, મહી સંકલ્પ વિકલ્પ થાય,
એમનજી ભાઈનો માલ ખાઇ ગઇ, મહા ઠગણી કહેવાય;
સૌને ઠગીનેરે, પોતે મગન થઇ જાય, વરતી પાખંડીરે. ૫
સત્ય ધર્મના વાસી વીરલા, મહાત્મા કહેવાય,

એ વરતી નાયકાને વશ કરી, પાછી ઉભી ન થાય;
ગોવિંદઆનંદ ગુરૂ ચરણેરે, એ તેજમે તેજ મીલાય.
વરતી પાખંડીરે. ૬

ભજન ૩ ગુજરાતી ભાષાનું પદ.

બહુ ગુના કીધારે હાથ ઝાલો વડાધણી, ટેક.
લાજું છેતમનેરે, અનેક ગુના બક્ષો ધણી.
ઘણું ખાધું ઘણું પીધું, ઘણાથી કર્યું હેત,
અંતરયામી ઓળખ્યા નહિ, એથી થઇ ફજેત;
કોણ દશા એવીરે, કુબુદ્ધિને પાલે પડી. બહુગુના. ૧
જુવાનીમાં જોયું નહિ, માયાના મદમાં ફરી,
તે માયા એ માર ખવરાવ્યો. તે હવે ખબરો પડી,
માયાનો માર મોટોરે, વિના મોતે ગયા મરી. બહુગુના. ૨
કોઇનું કહ્યું માન્યું નહિ, છુટે છેડે ફરી,
પાંચ પચીસ ત્રણ હરામી એ લુંટી નોધારી મુને કરી;
કોઇ નહિં સંગીરે આપ વિના બીજો ધણી.
બહુ ગુના કીધારે. ૩
માયા મુકી વેરાગણ થઇ, વનમાં ભૂલી પડી,
સુદ્ધ બુદ્ધ ભાન ભૂલી દેહનું નોધારી મુને કરી;
કોઇ નહિં સંગીરે આપ વિના બીજો ધણી. બહુગુના. ૪
અબળાની અરજ સુણો મહારાજા આપની પ્રીત ખરી.
ગોવીંદઆનંદ ગુરૂ ચરણે મુએલી સજીવન કરી;
અમર થઇરે તેજનાં તેજ મે મલી. બહુ ગુના કીધારે. ૫

ભજન ૪ ગુજરાતી ભાષાનું પદ.

વાંસળી વાગીરે. ઝેરી ઝેરી આવનમે,—ટેક.
મધુરી વગાડેરે વગાડનારો આતનમે
પાંચ પચિસમે પ્રગટ વાગે ત્રણેમે ગુણ ગાય
નવમે નૃત્ય કરે દશમે દેખાય
બાવન માંહીરે બોલે એ બોલ બોલાય. વાંસળી વાગીરે ૧
એ વગાડનારાને હાથ પાઉં નહિં શીશ
વીના વાજીંત્ર વાજાં વાગે અનહદ નાદ અપાર
પાર નહિં એનોરે અવાજે ઓળખાયો સહી. વાંસળી વાગીરે ૨
જાત નહિં ભાત નહિં રૂપ રંગ નહિં રેખ
જ્યાં જોઉં ત્યાં તેવો સર્વમે પ્રવેશ
ઠામ નહિં ઠાલોરે બોલે એ બીજો નહિં- વાંસળી વાગીરે ૩
અવાજ અવાજ હરદમ થાય, અવાજમે ઓળખાય
એ અવાજમેં અચંબો ભારી ખોળતાં ખોવાઇ જાય.
અખંડ અવિનાશીરે નાશ થાય નહિં એનો વાંસળી વાગીરે ૪
એ અવાજ સુણી અખંડ બને ગોવીંદઆનંદ ગુણ ગાય
સદગુરૂ સ્વામી કીરપા કરે જ્યાં હોય ત્યાં સમાય
મહાસુન ઉપરરે તેજમે તેજ મીલાય. વાંસળી વાગીરે ૫

ભજન ૫ ગુજરાતી ભાષાનું પદ.

ભેદુ હોય તે જાણેરે, ભ્રમણા કાઢી ભેળા મળે;
આડતીયા હોરેરે, શામ રણું કારમે મીલે.

વાણોતર સંત બેઠા હાટે, શેઠીઓ સરજનહાર;
અપાર માલ ભર્યો છે દુકાને, વસ્તુનો નહિં પાર.
જે જોઇએ તે મળશેરે, માલનો યાં ટોટો નથી;
ભેદુ હોય તે જાણેરે૦ ૧
હરખ આડતીયો આવ્યો હાટે, વાણોતરથી કરે વાત;
એ વસ્તુનું મુલ કરો, કેમકરી આવે હાથ.
મન મારૂં મોહ્યુંરે, અમુલ વસ્તુ નજરે પડી;
ભેદુ હોય તે જાણેરે૦ ૨
સોંઘામાં સોંઘી એક વસ્તુ છે, બીજીનું નહિ મુલ;
પારસ સાટે રામરજ મળે છે, સાચો પારસ હોય.
પારસથી થાય પારસરે, રામરજ તરત મળે;
ભેદુ હોય તે જાણેરે૦ ૩
એ તૃષ્ણા આડતીયાને લાગી, વાણોતરથી કરે વાત;
એ પારસની ભાળ આલો, કેમ કરી આવે હાથ.
કારજ થાય મારૂંરે, પારસ મને તરત મળે;
ભેદુ હોય તે જાણેરે૦ ૪
વસ્તી નાગણીને મન નાગ, એ ચોદસ રાજ કરે;
એ રાજમાં વસે છે પારસ, કોઇ સુરાની નજરે પડે.
એ રાજ જીતેરે, પારસ તેને તરત મળે;
ભેદુ હોય તે જાણેરે૦ ૫
એ વસમું રાજ બતાવ્યું મહારાજા, સૌકોને કરડીખાય;
એના કરડયા કોઇન જીવે, પારસ કેમ લેવાય.

મરવાનો ભે મોટોરે, નીર્ભય મારગ બતાવો;
ભેદુ હોય તે જાણેરે૦ ૬
દલ દરીઆમેં ડુબકી મારો, મોરલી ખુબ બજાવ;
એ મોરલીએ નાગ નાગણી વશછે, જીતીને પારસ લાવ.
રામરજ સોંધીરે, પારસ આવે તરત મળે;
ભેદુ હોય તે જાણેરે૦ ૭
દલ દરીઆમાંથી પારસ લીધો, ગોવીંદઆનંદ ગુણ ગાય;
સતગુરૂ પારસ જો મળેતો, જન્મ મરણ ભય જાય.
અમર થાયરે, એ તેજના તેજમાં મળે;
ભેદુ હોય તે જાણેરે૦ ૮

ભજન ૬ ગુજરાતી ભાષાનું પદ.

સતચીત આનંદ આત્મારે, અસ્તી ભાતી પ્રીય અતી; ટેક.
સોહંમ પ્રકાશ સર્વમાંરે, એ તેજ નવ જાય કથી.
પ્રથમ પહેલા ઊપન્યો, ઓંકાર શકિત સરસ્વતી;
સોહં પ્રકાશ સરવ મહી, ગુરૂદાતા ગુણપતી.
એ અકળ કળાનેરે, કોઇન શકે કથી;
સત ચીત આનંદ૦ ૧
આકાશ વાયુ તેજ અપ, પૃથ્વીનો એ પતી;
પાંચ પચીશ તીનમે તેજ, અરૂપ રૂપ જાય ના કથી.
એવી બ્રહ્માકાર વરતીરે, ખોળતાં ખોવાઇ મતી;
સત ચીત આનંદ૦ ૨
ઇન્ડજ ઉદભીજ જરાયુજ, સ્વેદજ એ જીવ ન જાયકથી;

સ્થુળ સુક્ષ્મ કારણ, મહા કારણમે તેજ અતી.
રૂપ રંગ નહિં એનેરે, જાતી ભાતી એની નથી;
સત ચીત આનંદ૦ ૩
જાગૃત સ્વપ્ન સુષુપ્તિ, એ તુરીયાની ખબર નથી;
નેત્ર કંઠ હૃદય સ્થાન, મુર્દ્ધનીમે તેજ અતી.
કળ્યો નવજાયરે, કોઈની ના પોકે મતિ;
સત ચીત આનંદ૦ ૪
વૈખરી મધ્યમ પશ્યંતી, પરાવાચા કહેવાય;
સ્થુળ પ્રવિવક્ત આનંદ, ભાસભોગ કહેવાય.
એવા ભોગ રોગરે, વાસના જાય મટી;
સત ચીત આનંદ૦ ૫
ક્રીયા જ્ઞાનને દ્રવ્ય, ઇચ્છા શક્તિ કહેવાય;
રજો, સતો, ને તમો, શુદ્ધ તત્વ મળીજાય.
એ અચંબો એવોરે, ખોળતાં ખોવાઇ મતિ.
સત ચીત આનંદ૦ ૬
અકાર, ઉકાર, ને મકાર, અર્ધ માત્રા કહેવાય;
વિશ્વ, તેજસ, ને પ્રાજ્ઞ, પ્રતક્ષ આત્મા પ્રકાશ.
વૈરાગ્ય હીરણ્ય ગર્ભરે, આગ્યકૃત માયાકથી.
સત ચીત આનંદ૦ ૭
થાપ, ઉથાપ, કંઈના રહ્યું, નહિં ગોવીંદ આનંદ ગુણગાય;
ચંદા, સુરજ, અગ્નિ, શબ્દ એ પ્રકાશીક કહેવાય.
સૌનો પ્રકાશીકરે, તેજ કહ્યો ન જાયકથી;
સત ચીત આનંદ૦ ૮

ભજન ૭ હીંદુસ્તાની ભાષાનું.

જે સંગકો એ રંગ હય, રંગ હે રળીઆમણો;
ચઢયા રંગશો નહિં ઉતરે, રંગહે સોયામણો. ટેક૦

પ્રથમ પહેલાં ઉપન્યો, ઓંકાર શક્તી સરસ્વતી;
સો હમ પ્રકાશ સર્વમહી ગુરૂદાતા ગુણપતી.
જે સંગ કોએ રંગ હય. ૧

પાંચ પચી તીન મહી, તીન મહી તેજ હુયે;
સત ચીત આનંદ આત્મા અસ્તીભાતી પ્રીયહે.
જે સંગકો એ રંગહે૦ ૨

છેલછબીલો અજબ રંગીલો, દશરથ દ્વારે બાગહે;
રાત દિવસ રટણ કરતા, સોહી પુરૂષ ન્યાલહે.
જે સંગકો એ રંગહે. ૩

અહંકાર રાવણ મારદીયો ભેભીક્ષણથીરકીયો;
શાન્તી સિતા ઘરમે આઈ, રામ રંગ નીશ્ચેપીયા.
જે સંગકો એ રંગહે. ૪

લક્ષ્મણ હરમાન જાણે, રામ રણુ કારહો રહ્યો,
એહી અવાજ અજબ ભયો, બીન રવિ પરકાશ હુવો.
જેસંગકો એ રંગહે ૫

દ્રષ્ટી, સૃસ્ટી લીન હુઇ, નહિ આયા નહિ ગયો
નહિં ગોવીંદ આનંદ ગુણ કીશીકા તેજમે એ તેજ
રહ્યો. જેસંગકો એ રંગ હે. ૬

ભજન ૮ હીંદુસ્તાની ભાષાનું.

સબકે મહીં સબસે ન્યારા, બાવન અક્ષર બહારહે. ટેક.
ગુરૂદાતા ગુણપતિ હાં, સૌ હુંમ રૂપ પ્રકાશ હે.
સબકે મહીં સબસે ન્યારા. ૧
ચાર ખાણી, ચાર દેહ હાં, ચાર અવસ્થા પરમાણુ હે;
સબકે મહી સબસે ન્યારા. ૨
ચાર સ્થાન ચાર વાચા હાં, ચાર ભોગ પરમાણુ હે;
સબકે મહી સબસે ન્યારા. ૩
ચાર શકતી ચાર ગુણ હાં, ચાર માત્રા પરમાણુ હે;
સબકે મહી સબસે ન્યારા. ૪
ચારઅભીમાન, ચાર અનુંબંધ હાં, ચાર સાધન પરમાણુ હે;
સબકે મહી સબસે ન્યારા. ૫
સતચીત આનંદ આત્મા હાં, અસ્તી, ભાતી પ્રીય હે;
સબકે મહી સબસે ન્યારા. ૬
નહિં ગોવીંદઆનંદ ગુણ કીસીકા, એહી તેજ અપાર હે;
સબકે મહીં સબસે ન્યારા.
બાવન અક્ષર બહાર હે.

ભજન ૯ ઇંગ્રેજી હીંદુસ્તાની ભાષાનું.

રાગ. (લાવણી)

નુર તખ્તપર બેઠી મહારાણી, હુકમ કરે જારી જારી;
કાળ ક્રોધકું માર હટાઇ દો, યું બોલે સુરતા રાણી. ટેક.
હાકમ હુકમી સાહેબ સબ આયે, એક હુકમ હુવા ભારી;

એઇ ફોજકું માર હઠાઇ દો, જબ જાણું તેરી સરદારી.
નુર તખ્તપર બેઠી મહારાણી ૧

કોણ ગનીમ ચઢકે આયા, જોર જુલમ કરતા ભાઈ;
અહંકાર અભીમાન જીતકે ફત્તેહ કરો નગર માંહી.
નુર તખ્તપર બેઠી મહારાણી ૧

ઇસ્ટાનડપ ખડે હોઇ દેખે, ફોજ મીલી અતી ભારી;
તેજતોપમે હરદમ દારૂ, જ્ઞાન ગોલેસે માર ડાલી.
નુર તખ્તપર બેઠી મહારાણી. ૩

સીટડાઉન બેઠકે હથીઆર દેખે, શીલ સંતોષ અતિ ભારી;
દયા ધરમ ઓર સત શમશેરસેં એઇ ફોજકું માર ડાલી.
નુર તખ્તપર બેઠી મહારાણી. ૪

શલીપ સોતે સસોપતીમે, આદઅંત આરંભ પાયા;
કહાંસે આયા કહાં જાઉંગા ઉસ્કી ખબર ના પાયા.
નુર તખ્તપર બેઠી મહારાણી. ૫

વેરીગુડ બાજા બજા અનહદકા, મગન હુઈ સુરતા રાણી;
નહિં ગોવીંદ આનંદ ગુણ કીસીકા તેજમે તેજ મીલે જારી.
નુર તખતપર બેઠી મહારાણી. ૬

ભજન ૧૦ હીંદુસ્તાની.

(રાગ લાવણી)

નવધા ભક્તિ સંત કરત હે, ઉતર ગંયે એ ભવપારા;
પ્રેમ લક્ષણા ભક્તિ ઓરહે, જાણે કોઈ ન જાણનહારા.
શ્રવણ ભક્તિ કરી પરીક્ષતે, સાત દીન રહ્યા એકધારા.

ગુરૂ પ્રતાપે મોક્ષ પાયા જોની જનમ ફીર નહિં આયા.
નવધા ભક્તિ સંત કરત હે. ૧
કીર્તન ભક્તિ કરી નારદે, વેણા જનતરમે ગાયા;
મસ્ત હોકે નાચે કુદે, મોક્ષ પદકું એ પાયા.
નવધા ભક્તિ. ૨
સ્મરણ ભક્તિ કરી પ્રલ્હાદે, થંભ ફોડ નરસીંગ આયા;
ભક્ત આધીન ભગવાન આયે મોક્ષપદકું એ પાયા.
નવધા ભક્તિ. ૩
પાદ શેવા કરી લક્ષ્મણે, તીન લોકકી મંમાયા;
સબકે ભેદ્રી સબસે ન્યારી, પ્રેમપદ ઉન્ને પાયા,
નવધા ભક્તિ. ૪
અરચન પુજા અમરીક રાજા, રાતદીન શેવા કરતા;
હરી સામગ્રી હરી અરપણ નીર્વાણ પદકું એ પાયા.
નવધા ભક્તિ. ૫
વંદન ભકિત કરી ધ્રુવને તપ કીયા બડા ભારી.
અવિચળ પદવી પાયા ધ્રુવજી, તીન લોક શબને જાણી.
નવધા ભક્તિ. ૬.
દાસ ભક્તિ હજુરી ચાકર, હનુંમાન હરદમ પાયા,
રામ રણું કાર રોમ રોમ મે, અમર પદવીએ પાયા.
નવધા ભક્તિ. ૭.
સખા ભક્તિ કરી અરજુને કૃષ્ણ કીરપા કરી ભારી,
મોક્ષકી ઇચ્છા પાઇએ; મીટી ગઈ ભ્રમણા ભારી.
નવધા ભક્તિ. ૮

આત્મ નિવેદંન ભક્તિ ભારી બળી રાજાએ કરી જારી,
તીન લોકકા નાથ નીરંજન હરદંમ દરશન દે દહાડી,
નવધા ભક્તિ ૯
નવધા ભક્તિ માંહી નીરંજન કોઇક સંત વીરલા પાવે,
ગોવીંદઆનંદ ગુરૂ કે ચરણે આવ: ગમન ફીર નહિં આવે.
નવધા ભક્તિ. ૧૦

ભજન (૧૧) મુસલમાની રાગનું.

મીજવાની આજ ફકીરોંદી ફકીરોંદી અમીરોંદી,
મીજવાની આજ ફકીરોંદી. મેરે દીલજાન આયે મીજવાન,
શીર ઝુકાવું ઈન કદમુદી મીજવાની આજ. ૧
નિશાંપતી નિશદિન નામકી ઓર છુટી નહિં કામનકી
મીજવાની આજ. ૨
ન્યાજ ન્યામત દીલભર લેના બસ્સત નુર એ નેનુંદી.
મીજવાની આજ. ૩
પીર પેગંમ્બર અબી ઓલીયા મીજવાની હે એ દંમદી.
મીજવાની આજ. ૪
ગોવિંદ આનંદ મુરસ્દ ગુરૂ સબમે બલીહારી દેદારૂંદી,
મીજવાની આજ ફકીરોંદી. ૫

ભજન ૧૨ હીંદુસ્તાની ભાષાનું.

રાગ ગોડી.

ઉડજા પંખેરૂ, દીનતો રહે ગયા થોડા.
ઉડજા પંખેરૂ, દીનતો રહે ગય. થોડા. ટેક.

નહિં ઘર તેરા વારી નહિં ઘર મેરા.
ચીડીયા રેન બસેરા ઉડજા પંખેરૂ૦ ૧
જુઠી એ કાયા, જુઠી એ માયા.
ઉસ્મે કયા લપટાયા. ઉડજા પંખેરૂ૦ ૨
વૃક્ષકી છાંયા. પુરૂષકી માયા.
નહિં રહે જોબન ધન કાયા. ઉડજા પંખેરૂ૦ ૩
જ્ઞાન વૈરાગ્યકી પાંખાં આઇ.
ગુરૂ ગમ લે ઊડ ભાઇ. ઉડજા પંખેરૂ૦ ૪
બરસે નુંર હવા ખુબ આઇ.
જા ગગંન મંડળ માંહી. ઉડજા પંખેરૂ૦ ૫
ગોવિંદ આનંદ ગુરૂ ચરણુમે.
એ તેજમેં તેજ મીલાઇ.
ઉડજા પંખેરૂ દીનતો રેહે ગયા થોડા૦ ૬

ભજન (૧૩) ગુજરાતી ભાષાનું.

(રાગ.)

મજાનો આવ્યો હાથી, જો જો તમે સર્વે સાથી,
ધણીને હરદમ ન્યાળે, બીજું તે કંઇના ભાળે. ટેક.
કારમો આવ્યો હાથી, એને કોણ શકે નાથી,
મોજમેં આવે જાવે, ધણી વિના ગોથાં ખાવે;
મજાનો આવ્યો હાથી. ૧
ધણીએ હુકમ આપ્યો, માવતે ઝડપ ઝાલ્યો,
અંકુશ દઈ શીધો ચલાવ્યો. ધણીના સન્મુખ લાવ્યો.
મજાનો આવ્યો હાથી. ૨

મોતીથી ગુલ્યો છાજે, અંબાડી ખુબ બીરાજે,
જોવાની શોભા સારી, બેઠા માંહી કુંજ બિહારી;
મજાનો આવ્યો હાથી. ૩
ગુરૂએ કીરપા કીધી, ગોવીંદઆનંદને અંકુશ દીધી,
અંકુશ આ વાગી હાલે, ધણીને હરદમ ભાળે,
મજાનો આવ્યો હાથી. ૪

ભજન (૧૪) ગુજરાતી ભાષાનું

એ ઘેર જે કોઈ જાવે, જરા મરણ ફીર નહિં, આવે
મોક્ષની પ્રાપ્તી પાવે, તેજમે તેજ મીલાવે.
મથુરામેં બંસી વાગી, સુતી હતી ઉઠીને જાગી,
આભુષણ આવરણ ત્યાગી, બંસીની લેયું લાગી;
એ ઘેર જે કોઈ જાવે. ૧
રસીઆએ રસ બસ કીધી, વંદ્રાવંનમે ઘેરી લીધી,
નરભેથઈ ભેને ત્યાગી બંસીની લેયું લાગી
એ ઘેર જે કોઇ જાવે. ૨
ગોકુળીઆમે ગમત કીધી, જમાડી રમાડી લીધી,
ઓર કલ્પના સર્વે ત્યાગી, બંસીની લેયું લાગી;
એ ઘેર જે કોઈ જાવે. ૩
નારીઓ મળી નીઝારી, સોળસેંની વૃહેં હારી,
માયા એ દેવ મોરારી, અરૂપી છબી એ ન્યારી;
એ ઘેર જે કોઇ જાવે. ૪
સતચીત આનંદ વારી બ્રહ્માકાર વરતી જારી,

નહિં ગોવીંદ આનંદ, કોઈ નીકારી;
તેજમે તેજ મીલે એજારી એ ઘેર જે કોઇ જાવે. ૫.

ભજન (૧૫) હીંદુસ્તાની ભાષાનું.

(રાગ હોરી.)

સખીચલ દેખન જાઇએ, રાધાકાન બન્યોરી,
હરી હરી લાલા, રાધા કાન બન્યોરી;
સખી ચલ દેખન જાઇએ રાધા કાન બન્યોરી. ટેક.
મોર મુગટ પીતાંબર પેને, કાના રૂપ બન્યોરી,
હરી હરીલાલા કાના રૂપ બન્યોરી;
અજબ મોરલી, મોતીયનકી માળા,
પુનમકો લાલા પુનમકો ચંદ્ર ખીલ્યોરી;
સખી ચલ દેખન જાઇએ. ૧
અકલ કળામે મુને દેખ્યો, મુગટ મેં હીરો જડયોરી,
હરી હરીલાલા મુગટ મેં હીરો જડયોરી,
હીરામે કાન રૂપાલી રાધિકા, સન્મુખ;
લાલા સનમુખ, આન ખડોરી,
સખી ચલ દેખન જાઇએ ૨
બીંદરા બીનમેંરાસરચ્યો હે, ગોકુલમેં આન ખડોરી
હરી હરીલાલા ગોકુલમેં આન ખડોરી,
મથુરામે જાય બંન્સી બજાઈ, અજબ લાલા;
અજબ અવાજ સુણ્યોરી. સખી ચલ દેખન જાઇએ ૩
કોઈ સખી સુનકે સમજી, અવાજુમે આપ ખડોરી

હરી હરી લાલા, અવાજોમે આપ ખડોરી.
ગોવિંદ આનંદ ગુરૂકે ચરણુમે તેજમે
લાલા તેજ મીલ્યોરી.

સખી ચલ દેખન જાઇ એ.

ભજન ૧૬ હીંદુસ્તાની ભાષાનું.

(રાગ હોરી)

સખી સદગુરૂ મીલેસે, વિષય વાસના જાવે;
હરી હરી લાલા વિષય વાસના જાવે.
લખ ચોરાશી ચોની જુનીમે ફેર,
લાલા ફેર કબુ નહી આવે.

સખી સદગુરૂ મીલેસે. ૧

જલકી મછલીયાં જલમે મગનહે, આટા ખાનેકું જાવે;
હરીહરી લાલા આટા ખાનેકું જાવે.
કાલ આયા, કાંટા ગલેમે ફસાયા
તલપ લાલા તલપ તલપ જીવ જાવે.

સખી સદગુરૂ મીલેસે. ૨

કપટકી હથની બની કાગજકી રૂપરંગ બનાવે;
હરી હરી લાલા રૂપરંગ બનાવે.
હાથી આન પડયો એ ખડેમે
તલપ લાલા તલપ તલપ જીવ જાવે.

સખી સદગુરૂ મીલેસે, ૩

નાદકા મોહ્યા મરગ આવે નાદમે લીન હો જાવે.

હરીહરી લાલા નાદમે લીન હો જાવે
કાલ પારધી પકડકે મારે.
તલપ લાલા તલપ તલપ જીવ જાવે.
સખી સદગુરૂ મીલેસે. ૪
જલમે કમલ ખીલ્યા સુગંધી, ભમર ઉડતા આવે;
હરીહરી લાલા ભમર ઉરતા આવે
એ સુગંધમે એ લપટાવે
તલપ લાલા તલપ તલપ જીવ જાવે.
સખી સદગુરૂ મીલેસે. ૫
દીપક તેજ રૂપ અતી ભારી. પતંગીયા ઉડતા આવે.
હરી હરી લાલા, પતંગીયા, ઉડતા આવે.
એઇ તેજમે એ લપટાવે. તલપ લાલા.
તલપ તલપ જીવ જાવે.
સખી સદગુરૂ મીલેસે૦ ૬
બ્રહ્મવેતા ગુરૂ મીલે મોયે, મોક્ષકા મારગ બતાયા.
હરી હરી લાલા મોક્ષકા મારગ બતાયા.
ગોવિંદ આનંદ ગુરૂકે ચરણમે તેજમે.
લાલા તેજમે તેજ મીલાયા.
સખી સદગુરૂ મીલેસે, વિષય વાસના જાવે૦ ૭

ભજન ૧૭ હીંદુસ્થાની ભાષાનું.

રાગ હોરી.

સાંવરા રૂપ કળ્યો ના જાય; ટેક.
ભલા હો સાંવરા રૂપ કળ્યો ના જાય.

કર્મ કંસકે હાથ ની આયો,
દેવકી કો દેવ કહાયો;
હરી હરીલાલા દેવકી કો દેવ કહાયો.
વાસુદેવ ઘર વાસ વસાયો.
જસોદા લાલા જસોદા ગોદ ખીલાયો.
નંદ ઘેર આનંદ મચાયો.
સાંવરા રૂપ કળ્યો ના જાય. ૧

કાળો નાગ નાથી, કાળી કમળીઆ,
નવ લક્ષ ધેન ચરાયો;
હરી હરી લાલા. નવ લક્ષ ધેન ચરાયો.
અમુલ બંસી કાંસે લાયો.
અજબ લાલા અજબ અવાજ સુણાયો,
ગોપીયનકો લાડ લડાયો.
સાંવરા રૂપ કળ્યો ના જાય. ૨

સબ ગોપીયન મીલકે ધાઇ.
કોઇ કે હાથ નહિં આયો.
હરી હરી લાલા કોઇકે હાથ ન આયો.
બીંદરાબનકી કુંજ ગલનમે.
ઢુંડત લાલા, ઢુંડત, ઢુંડત પાયો.
ગોપીયનકો નાથ કહાયો.
સાંવરા રૂપ કળ્યો ના જાય. ૩

સોલ સહસ્ત્ર, સો, અષ્ટ મીલકે બ્રીજમે ધુમ મચાયો;
હરી હરીલાલા બ્રીજમે ધુમ મચાયો.
સબ ગોપીયન ગુલતાન ભઇએ;
આભુષણુ લાલા આભુષાણુ આવરણુ ઉડાયો.
શુદ્ધ બુદ્ધ દેહીકી ભૂલાયો;
સાંવરા રૂપ કહ્યો ના જાય. ૪
મામા કંશ મોહોકું માર્યો, માસી પુતના ધાયો;
હરી હરીલાલા માસી પુતના ધાયો,
પૃથ્વીકો લાલા પૃથ્વીકો બોજ ઊતરાયો.
રાક્ષસ કુટુંબ મારકે આયો
સાંવરા રૂપ કહ્યો ના જાય. ૫
અજબ નાદ બંસીકો પાયો, આયો યાં સમાયો;
હરી હરીલાલા આયો યાં સમાયો,
નહિ ગોવીંદ આનંદ ગુણુકીસીકા;
તેજમે લાલા તેજમે તેજ મીલાયો.
વાચ અવાચ સમાયો,
સાંવરા રૂપ કહ્યો ના જાય. ૬

ભજન ૧૮ હીંદુસ્થાની ભાષા.

(રાગ હોરી)

સાંવરો રંગ ખુબ ખીલાવે, ભલાહો સાંવરો;
રંગ ખુબ ખીલાવે.
પચરંગી પીચકારી મારી, ન્યારો આપ ખડારી;

હરી હરી લાલા ન્યારો આપ ખડોરી,
એહી ખીલાડી એ ખેલ ખીલાવે.
ગોપીચનકો લાલા ગોપીચનકો લાડ લડાવે;
શુદ્ધ બુદ્ધ દેહીકી ભુલાવે, સાંવરો રંગ ખુબ ખીલાવે. ૧
અબીલ ગુલાલ અંતર ઉડાવે અનેક રંગ ઓલાવે
હરીહરી લાલા અનેક રંગ ઓ લાવે
રંગ રંગીલો એ લાલ ભયો હે
આપ લાલા આપ ગુલતાન હો જાવે
મગન હોઈ નાચે નચાવે. સાંવરો રંગ ખુબ ખીલાવે. ૨
સાસુ અટારી મોરી નણુદી ઠગારી દેવર ગાલી દે જાવે;
હરીહરી લાલા દેવર ગાલી દે જાવે
એ ચુંદડીયા જીવણુને ફાડી
અબ કહાં લાલા કહાં જાઇ છુપાવે
કીશ વીદ ઘરમે જાવે.સાંવરો રંગ ખુબ ખીલાવે. ૩
દલ વાદલ સબ લાલ ભયેહે લાલી લાલ દીખાવે;
હરીહરી લાલા લાલી લાલ દીખાવે.
ગોવિંદ આનંદ ગુરૂકે ચરણુમે તેજમે
લાલા તેજમે તેજ મીલાવે.
જુની જન્મ ફેર ની આવેસાંવરો રંગ ખુબ ખીલાવે. ૪

ભજન ૧૯ ગુજરાતી ભાષાનું.

(મ્હોઢેથી કથની કરીને કહેવાનું)

અમારે તો એવું થયું, કહેવાનું કંઈ ના રહ્યું;

છ્યાસીને પાંચ સત્યાસીનું સત્યાનાસ ગયું
અમારે તો એવું થયું. ૧
પાંચ પચીસ તીન લાગી લહાય, ઓચીંતાનો થયો ઊપાય;
અમારે તો એવું થયું. ૨
બે હુતા તે બળી મુઆ, જઇ બ્રહ્મ અગ્નીના માંહી;
અમારે તો એવું થયું. ૩
જો આવે સદગુરૂની શાન તો શાન્ત થઇ કરો સ્નાન,
નહિં ગોવિંદ આનંદ ગુણ કેના ગાય;
તેજમે તેજ રહ્યો સમાય.
અમારે તો એવું થયું કહેવાનું તો કંઇના રહ્યું,

ભજન (૨૦) ગુજરાતી ભાષાનું.

(મ્હોંઢેથી કથીને કહેવાનું.)

છાનામાં છાની વાત સાંભળ મારી સહી;
કહેવું હતું તે કહી દીધું, હવે કહેવાનું નહિં.
છાનામાં છાની વાત. ૧
કરવું હતું તે કરી લીધું, હવે કરવાનું નહિં,
છાનામાં છાની વાત. ૨
કરમના ફુટયાના આવે, હરી પથરણા મહીં,
છાનામાં છાની વાત. ૩
કબુદ્ધી જાય ને સબુદ્ધી આવે સંત સમાગમ મહીં.
છાંનામાં છાની વાત. ૪
ગુરૂની સાન સમજે તીને જન્મ મરણ નહિં.

છાનામાં છાની વાત. ૫
ગોવીંદ આનંદ ગુરૂ જ્ઞાન વિના મોક્ષ મળે નહિં.
છાનામાં છાની વાત. સાંભળ મારી સહી. ૬

ભજન ૨૧ ગુજરાતી ભાષાનું.

(મ્હોઢેથી કથીને કહેવાનું)

છળ વચન એ છેકણી, વ્યાપી તીનલોકના માંહી;
મોટા સારથી ઢોળી પાડયા, એને ઓળખી નહિ.
છળ વચન એ છેકણી. ૧
કોઇએ ખાધી, કોઇએ પીધી, કોઇએ સુંઘી સહીં;
છળ વચન એ છેકણી. ૨
નીંદામાં નવરા ન થયા, નરકે પડયા જઇ;
છળ વચન એ છેકણી. ૩
સંત મહાત્માએ એને ઓળખી, એથી અળગી રહી;
છળ વચન એ છેકણી. ૪
ગોવિંદ આનંદ ગુરૂ ચરણમે આવાગમન નહિં;
છળ વચન એ છેકણી, વ્યાપી તીનલોકના માંહી.

ભજન ૨૨ ગુજરાતી ભાષાનું.

(મ્હોંઢે કથીને કહેવાનું)

પીયુ મળ્યાનું પારખું એની છતો છાની નહિં, ટેક.
નેણુ વેણુને સાનમે, રમત રમી રહી;
મનમે ફુલી, ભાન ભૂલી, નયણે નિરખ્યા જઇ;
પીયુ મળ્યાનું પારખું૦ ૧

રમતાં જમતાં હરી રસીયા સાથે, રસ બસ ભીજી ગઇ.
પીયુ મળ્યાનું પારખું૦ ૨
સુષુપ્તીમે સુઇરહી, પછી ખબરો થઈ;
એવુ સુખ ત્યાં મળ્યું, કહેવાય કંઇ નહિં.
પીયુ મળ્યાનું પારખું૦ ૩
તુરીઆ પદમે તેજ છે, નહિં ગોવીંદ આનંદ કંઈ,
ખોળતાં ખોવાઈગઈ; મળી તેજના મહીં.
પીયુ મળ્યાનું પારખું, એની છતો છાની નહિ.

જન ૨૩ ગુજરાતી ભાષાનું.

કોઇને જડીયાં હોય તો દેજોરે, મારી નથનીનાં મોતી;
કોઇને મળ્યાં હોય તો દેજોરે, મારી નથનીનાં મોતી.
નથની તો મારા નાથે મને પેહેરાવી;
હું જનમ ભોમ જોઇ આવીરે, મારી નથનીનાં મોતી.
કોઇને જડીયાં હોયતો દેજોરે મારી નથનીનાં મોતી. ૧
મોતીડા કારણ વેરાગણ થઇ વન ખંડ ધાતી;
જયાં મોતી હોય ત્યાં જાતીરે, મારી નથનીનાં મોતી.
કોઇને. ૨
મોતીડા તમે લેજો સાહેરીઆમે ગોતી;
હુ હરદમ હાર પરોતીરે મારી નથનીનાં મોતી.
કોઇને. ૩
મોતીડાં નરખી ગોવીંદ આનંદ ગાવે;
એ તેજમે તેજ મીલાવેરે, મારી નથનીનાં મોતી.

કોઇને જડીયાં હોયતો દેજોરે મારી નથનીનાં મોતી. ૪

ભજન ૨૪ ગુજરાતી ભાષાનું.

(રાગ ધોળ)

સમાગમ સંતના. ટેક.
સખી સતસંગનો મેમાય કહ્યો નવ જાયરે.
એતો બગ મટી હંસ થાય, સમાગમ સંતનો. ૧
સખી આંબો ખાટો; ફળ ખાટાંરે;
મગશર વાયરાવાય, મીઠો થાય. સમાગમ સંતનો. ૨
સખી લીંમ કડવો, લીંબોળી કડવીરે,
એતો રૂતુએ મીઠી થાય. સમાગમ સંતનો. ૩
સખી કબુદ્ધી કાગ, કોયલા કાળારે;
બ્રહ્મ અગ્નિની સંગે રાતાં થાય, સમાગમ સંતનો. ૪
સખી સમુદ્રનાં નીર ખારારે;
વાદળી મુખે મીઠાં થઇ જાય, સમાગમ સંતનો. ૫
સખી ગોવીંદ આનંદ અવગુણ ટાળીરે;
સતચિત આનંદ પ્રકાશ થાય, સમાગમ સંતનો. ૬

ગરબો પંદર તીથીનો ગુજરાતી ભાષાનો.

સખી પડવે તે પુરણ પ્રીત ગુરૂથી કીધીરે;
મને અવીચળ પદવી આજ ગુરૂએ દીધીરે. ૧
સખી બીજે તો બહુ બળવંત ગુરૂને જાણ્યારે;
બોલે અમૃત જેવા બોલ મહારસ આલ્યારે. ૨
સખી ત્રીજે ત્રીગુણીનાથ હમારો સ્વામીરે;

એણે રચના રચી અપાર, એ અંતર યામીરે. ૩
સખી ચોથે કરી ચતુરાઈ, એ બહુ નામીરે;
એવાં બીબાં કર્યા અનેક, છબીઓ ન્યારીરે. ૪
સખી પાંચમે પચરંગ, સોભા સારીરે;
એવા ચાર ખાંણુના જીવ, કારમી માયારે. ૫
સખી છઠ્ઠે છબીલો નાથ, સૌથી ન્યારોરે;
એને જાણે સંત સુજાણ, ભગતોને પ્યારોરે. ૬
સખી સાતમે બેભાન, જબકીને જાગીરે;
એવા જોયા નિરંજનનાથ, લેહું લાગીરે. ૭
સખી આઠમે આનંદ, ઊરમે લઈએરે;
એ મહારસ કેરી વાત, કોને કહીએરે. ૮
સખી નવમે નીરખ્યા નાથ, મલપતી હાલુંરે;
હુંતો જયાંરે જોઉં, ત્યાં નાથ, સૌમાં ભાળુંરે. ૯
સખી દશમે દેવી દેવ, નજરે દીઠારે;
એતો અમુલ બોલે બોલ, લાગે મીઠાંરે. ૧૦
સખી એકાદશી એકતાર, ધણીથી લાગ્યોરે;
હવે જન્મ મરણનો ભય, સર્વે ભાગ્યોરે. ૧૧
સખી દ્વાદશ દર્પણ માંહી, સર્વે જોયુંરે;
એતો કારમી માયાનો રંગ મન ના મોહ્યુંરે. ૧૨
સખી તેરસે તરપત થઇ, હરીરસ માંહીરે;
રસીઆએ કીધી રસબસ, શાન્તી થઇરે. ૧૩
સખી ચૌદશે ચોદેશ, જોયું મેં ન્યાળીરે;

બ્રહ્માકાર વરતી મહીં, વીચારી જોયું રે. ૧૪
સખી અમાવાસે અપવાસ, વાસના ત્યાગીરે;
આવી સદગરૂ કેરી સાન, ભ્રમણા ભાગીરે. ૧૫
સખી ગોવીંદ આનંદ નહિ, ગુણ કેના ગાઇએરે;
આ અપાર તેજ અખંડ મળીને રહીએરે.

ભજન ૨૫ ગુજરાતી ભાષાનું.

(રાગ ગરબાનો)

ગરબે સતગુરૂ સંગ રમીએ. ટેક.
કે નવસે નવાણું નાડી,
મુકી મહી દશ દ્વાર બારી;
કે બોતેર કોઠા જોયા ન્યાળી,
ગરબે સતગુરૂ સંગ રમીયે. ૧
કે અંતર થયું અજવાળું,
મન બુદ્ધિ ચિત અહંકાર ન્યાળું;
કે રૂદ્ર બ્રહ્મા, નારાયણ ભાળું,
એ ગરબે સતગુરૂ સંગ રમીએ. ૨
કે વિષયો બહાર થકી આવી,
પચરંગી ગરબો એ લાવી;
કે લક્ષ ચોરાસી ફરી આવી,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૩
કે દ્રષ્ટી સૃષ્ટી જોવા આવી,
એ મેવા મીઠાઇઓ લાવી;

કે સુગંધ ફુલ વાસના આવી,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૪
કે શીવ, બ્રહ્મા, વિશ્નુ આવ્યા;
દેવ તેત્રીશ કરોડ સંગ લાવ્યા,
કે રચના એવી જોઇ આવ્યા;
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૫
કે ઓંકારે ગરબો રચીયો,
ત્રણુ પાંચ પચીસ મટયો કજીઓ;
કે અંતરયામીને ભજી લ્યો,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૬
કે મનના સંકલ્પ દુર કરીએ,
એ ચોરાશી ફેરા નવ ફરીએ;
કે ગુરૂના ચરણુમે ચીત ધરીએ,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૭
કે અખંડ જ્યોત જોતાં જાગી,
સતગુરૂ ચરણે વરતી લાગી;
કે ભ્રમણા સરવે ગઇ ભાગી,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૮
એ સત ચીત આનંદ બલીહારી,
દીવો એક, અનેક બારી;
કે જોવાની રચનાઓ સારી;
એ ગરબે સતગરૂ સંગ રમીયે. ૯

કે આતમ પરમાતમ જાણ્યું,
અરતી, ભાતી, પ્રીયે સુખ માણ્યું;
કે સંત જન જેવીરલે જાણ્યું,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૧૦
કે ગરબે ગુણ ગોવીંદ ગાયા,
એ સતગુરૂ ચરણે ચિત લાયા;
કે તેજમે તેજ મળી આવ્યા,
એ ગરબે સતગુરૂ સંગ રમીયે. ૧૧

ભજન ૨૬ ગુજરાતી ભાષાનું.

રાગ (ગરબો બાર મહીનાનો)

સાખીયો સમેત.

જોયું મેતો ઝબકીને જાગી, લગની મારી બ્રહ્મ સાથે લાગી;
અંતરની તૃષ્ણાઓ ભાગી, અખંડ જયોત પ્રગટ આ જાગી.
ચાલો સખી જોવાને જઇએ,
કારતકે કરતા ધણી, સઇ સમરથ કો ખેલ,
ભ્રમણાઓ ભાગી ગઈ, મુકયો મનનો મેલ;
જોયું મેંતો ઝબકીને જાગી. ૧
માગસર મહીનાની માનુની, ગોપી ગોવાલણ સાથ,
રાધા કૃષ્ણ રાસરમે કાલંદરી મેંવિલાસ.
જોયું મેતો ઝબકીને જાગી. ૨
પોસે પરપોસુ, સમરણ કરૂં શ્વાસો શ્વાસ,
માળા ફેરવો માંહેલી, ઘટ ભીતર દેવનો વાસ.

જોયું મેંતો જબકીને જાગી. ૩

માહે મોતી વર્ણવા, સફેદ સુંદર શ્યામ,
રોમરોમ વ્યાપી રહ્યો, જપો પ્રભુનું નામ;
જોયું મેંતો ઝબકીને જાગી. ૪

ફાગણ ફરૂકે ગેબી સુનમે, ખડા નિશાને ચોટ;
સંત સુરા કોઇ ઝુઝસે, ભલકા શબ્દના બાણ,
જોયું મેંતો ઝબકીને જાગી. ૫

ચઇતરે મન ચેતે, જાગ્યા સોનર ન્યાલ,
સુસે તેને લુંટસે, જમ થાસે કોટવાલ;
જોયું મેંતો ઝબકીને જાગી. ૬

વૈસાખે મન વસકરો, કામ ક્રોધ અહંકાર,
પાંચ પચીસને જીતીને ચરો સોહં, સકળ ઘડ મહીં.
જોયું મેંતો ઝબકીને જાગી. ૭

જેઠે જગતની જાત્રા હાથ ભરાવ્યો સંસાર,
વણુઝ કરે કોઈ માનવી મુર્ખે ગુમાવ્યો અવતાર.
જોયું મેંતો ઝબકીને જાગી. ૮

અસાડે આશી ગર્જના, ગાજે અંનહદ અંગ,
ભમર ગટોગટ ઘુમી રહ્યો, રણુંકારનો રંગ.
જોયું મેંતો ઝબકીને જાગી. ૯

શ્રાવણ વરસે સુનમે, વરસે મોતન માળ,
હીરાહીરા કણુ ઝર રહયો, મહીં રત્ન પદાર્થ લાલ;
જોયું મેંતો ઝબકીને જાગી. ૧૦

ભાદરવે નયણે ભરી નીરખું, નીરખું નિશધાર,
રંગ મહેલ મેં બેઠા દેખું, કંથ કમળાના કીરતાર;
જોયું મેંતો ઝબકીને જાગી. ૧૧
આસો આસ પુરી થઇ, જ્યાં જોવું ત્યાં ભરપુર,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે હરદંમ વરસે નુર;
જોયું મેંતો ઝબકીને જાગી. ૧૨

ભજન (૨૭) ગુજરાતી ભાષાનું.

અમર ઝરેરે, સંતો અમર ઝરેરે,
કાયા નગરીના ચોકમેં અમર ઝરે;
પીયે તેને સર્વે ખબરો પડે,
કાયા નગરીના ચોકમેં અમર ઝરે.
પ્રેમના પ્યાલા સત ગુરૂજી પાવેરે,
ત્રીવિધી તાપ એક પલમે ટળે,
કાયા નગરીના ચોકમાં અમર ઝરે. ૧
ટીપેરે ટીપે જોને સરોવર ભરીયાંરે,
મીઠા મેરાવણુ મે જાઇને મળે;
કાયા નગરીના ચોકમાં અમર ઝરે. ૨
સદગુરૂ એવા એ પરોપકારીરે,
શરણે આવે એનાં કારજ સરે;
કાયા નગરીના ચોકમાં અમર ઝરે. ૩
સદગુરૂ શબ્દ એ અમરીત જેવાંરે,
શ્રવણ થાય તેનાં હ્રદય ઠરે;

કાયા નગરીના ચોકમાં અમર ઝરે. ૪
રાત દીવસ શબ્દ ગુરૂ લેયો લાગી હે,
ગોવીંદ આનંદ ગુરૂના તેજમેં મલે;
કાયા નગરીના ચોકમાં અમર ઝરે. ૫

ભજન ૨૮ ગુજરાતી ભાષાનું.

જવાની દીવાની ચાર દીનનો ચટકો,
રૂપ રંગ નહિ રેવે, નહિં રહે આ લટકો,
જવાની દીવાની, ચાર દીનનો ચટકો,

મારૂં તારૂં મુકી દે એ જમ કેરો ઝટકો.
રામ રોટી હાથ આવી ખાઇ લે આ કટકો.
જવાની દીવાની. ૧
વેર ઝેર ખારાનીરમેહી કયાં જઇ અટકો,
નીર્મળ હરીનામ, પી લે એ ગટકો.
જવાની દીવાની. ૨
મોહ માયા મમતા, એ ભ્રમણા મે ભટકો,
આપુ મોટી આપદા, એ પટકાય એમ પટકો;
જવાની દીવાની. ૩
પથરા પાણી સાથે જાઇ દીલ પટકો,
આત્મા ચીના વીના, નહી મટે ખટકો;
જવાની દીવાની. ૪
હરી હીરો પાસ છે, કયાં જઇ ભટકો,

તારમે દેદાર પાવો, દરશનનો લટકો;
જવાની દીવાની ૫
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે દરશનનો ખટકો,
અંતર જામીની સાથે લઇલે આ લટકો;
જવાની દીવાની એ ચાર દીનનો ચટકો.

ભજન ૨૯ હીંદુસ્તાની ભાષાનું.

ગુરૂ જ્ઞાન જો આવે, મનવા ગુરૂ જ્ઞાનજો પાવે ટેક.
તેરા સબ જગડા મીટ જાવે, મનવા ગુરૂ જ્ઞાન જો પાવે.
પચ પચીસકા ઝગડા ભારીજી ઉસમે આવે જાવે,
તીન ગુણકી માયા રચી હે
ઉસમે જાઈ લપટાવે
મનવા ગુરૂ જ્ઞાન જો આવે. ૧
સ્થુળ, વેરાગ, અતિભારીજી,
વાકો અંતની આવે;
હીરણાગરભ એ આવી અકૃત.
સુક્ષ્મ મહીં સમાવે;
મનવા ગુરૂ જ્ઞાન જો આવે. ૨
અકાર, ઉકાર મકાર, માત્રાજી.
અરધ ખેલ ખલાવે.
ઓહં કારસેં ઉત્પન્ન ભઈ,
સોહંમે સમાવે;
મનવા ગુરૂ જ્ઞાન જો આવે. ૩

જાગૃત સ્વપન સુસેપતી તુર્યાજી,
ખોળતાં ખોવાઈ જાવે;
અરૂપ અવીનાશી તેજ પ્રકાશ.
વરતી યાં સમાવે;
મનવા ગુરૂ જ્ઞાન જો આવે. ૪

ચાર વેદ પુકાર કરત હેજી,
વેદ અભેદ ના જાણે;
નહીં ગોત્રીંદ આનંદ ગુણ કીસીકા.
એ તેજમે તેજ સમાવે;
મનવા ગુરૂ જ્ઞાન જો આવે. ૫

ભજન ૩૦ હીંદુસ્તાની ગુજરાતી ભાષાનું.

ગુરૂ પરગટ દર્શન પાયા,
જરી રૂપ રંગ નહિ કાયા હેજી. ટેક.
ગરૂની ઝારી નિર્મળ મળીયાજી.
પ્રેમ પ્યાલા પાયા.
અજર અમર અખંડ અવિનાસી,
અલક્ષ પુરૂષ ઓળખાયા.
ગુરૂ પ્રગટ દર્શન પાયા. ૧

નીરાધાર એ ન્યારા ખેલેજી.
સતગુરૂ કેરી શાના
બાવન મહી બાવન બહારા

એ સબ મહી સમાયા;
ગુરૂ પ્રગટ દર્શન પાયા. ૨
બોલે બોલાવે સબ ગટ બોલેજી,
શબ ઘટમે દર્શાયા;
ઘટ ફુટા જબ આપી રહ્યા.
આપમે આપ સમાયા;
ગુરૂ પ્રગટ દર્શન પાયા. ૩
નહીં આયા નહી ગયા જી.
અકળ કળા કહાયા;
નહીં ગોવીંદ આનંદ ગુણ કીસીકા.
તેજમે તેજ મીલાયા;
ગુરૂ પ્રગટ દર્શન પાયા. ૪

ભજન ૩૧ મું હીંદુસ્થાની ભાષાનું.

ગાલી મત દે ગોવાલણ ગાલી મત દે. ટેક.
તેરે ઘર કબ આયા કોઈકે હેંગે દોઈ ચાર રાઇ,
મેરા એક જાયો, કંઇ દેવનકો માન તમાની
જબી લાલ પાયો ગાલી મત દે ગોવાલણ. ૧
કહીંક કીયે દાન પુન રઇ અનેક તીરથ નહાયો,
એ સેવાકો એહી ફળ એહી લાલ પાયો;
ગાલી મત દે ગોવાલણ. ૨
દેવકીકો તન જાયો રઈ જસોદા ખીલાયો;

વાસ કીયો વાસુ દેવ, નંદ ઘેર આંવો;
ગાલી મત દે ગોવાલણુ. ૩
મહી ઢોલ્યો માટ ફોડયો રઈ માખણુ સબ ખાયો,
ધામધુમ કરકે માઈ એહી લાલ આયો;
ગાલી મત દે ગોવાલણુ. ૪
પારણેમે લાલ ઝુલેરાઇ તેરે ઘર કબ આયો,
જુઠ બોલે જુઠ ગોવાલણુ લાલકું લજાયો;
ગાલી મત દે ગોવાલણુ. ૫
તીન ભોવન ચૌદ લોક રાઈ એસો નહીં કોઈ જાયો,
સબ કે માંહી સબસે ન્યારો એહી લાલ આયો.
ગાલી મત દે ગોવાલણુ. ૬
ગોવીંદ આનંદ ગુરૂ ચરણુમે રહી મહા સુખ પાયો.
એહી લાલ એહી તેજ તેજમે મીલાયો.
ગાલી મત દે ગોવાલણુ તેરે ઘર કબ આયો.

ભજન ૬૨ હીંદુસ્થાની ભાષાનું

મેરા કયાં ગયા એ પ્યારા ભયો બીન રવી ઉજીયાલા ટેક.
સખી કયાં ગયા એ પ્યારા.
હરી હરી ચુડીયાં પહેની રહી, ચંદ્ર તીલક ઉજીયાલા.
લેહ લગનીકાલેંગા પહેરા એ ઝાંઝરકા ઝમકારા.
મેરા કયાં ગયા એ પ્યારા ૧
સત સાલુ ચીત ચોલી પહેની રાઈ આનંદ ચાદર ઉજીયાળા.

ગુરૂ નામકા નેવર બાજે છેલ્લા છાપ પરમાણુા.

મેરા કાં ગયા એ પ્યારા. ૨

કરમ કાજળ નેનુંસે નિકસા રાઇ નથની નાથ પેનાઈ.

મોતીઅન માળા ભયા ઉજીયાલા ઘુમટમેં ગુમાઇ.

મેરા કાં ગયા એ પ્યારા. ૩

પીયુ પ્યારા પલમે પાયા રાઇ એ ગુરૂ ચરણે સમાઇ.

નહીં ગોવીંદ આનંદ ગુણ કીસીકા તેજમે તેજ મીલાઇ.

મેરા કયાં ગયા એ પ્યારા. ૪

ભજન (૩૩) મું ગુજરાતી ભાષા.

રાગ પ્રભાતી.

હે મેના પોપટ એક રામ છે, દુજા નવ જાણો.
ભરમણામે ભૂલ્યા ભમો કરો ખેંચા તાણો.
મેના પોપટ એક રામ છે, હે મેના કહે છે પોપટને.
રૂડો અવતાર આવ્યો, રામ નામ લેવા કારણે.
મેના પોપટ બનાયો હે મેના પોપટ એક રામ છે. ૧

હે મેના પોપટ વિદેહી છે, દેહ ધારીમેં આવ્યા.
લક્ષ ચોરાસી જીવને તારવા ન કલગી રામ લાવ્યા.
મેના પોપટ એક રામ છે. ૨

હે પાંચ થંભનું આ પાંજરૂં પછી શળીએ જડીયું.
બે પડમે મેના પોપટ પુરીયાં, ત્રણ શળીએ ઉઘડયું.
મેના પોપટ એક રામ છે. ૩

હે મેના પોપટ આંથી ઉડીયાં, આવા અમર લોકમાંહી
અખંડ અજવાળે ધણી ઓળખ્યા ત્યા અંધારૂં નહિ.
મેના પોપટ એક રામ છે. ૪
હે મેના પોપટ રામ ઓળખ્યા. આ પાંજરીઆ મહી.
લક્ષ ચોરાસી આવે નહી તેને જન્મ મરણ નહિ.
મેના પોપટ એક રામ છે.
હે મેના પોપટ અમર છે, ધણી બોલાવે એ બોલે.
ગોવીદ આનંદ ગુરૂચરણે, હવે કણુ નહિ ડોલે.
મેના પોપટ એક રામ છે જુદા નવ જાણે,

ભજન ૩૪ ગુજરાતી તથા હીંદુસ્તાની ભાષાનું.

(રાગ ગોડી)

અપણે અપનો મનખો સફળ કરી લીજીએ. ટેક.
હરીકો ભજન ખુબ કીજીએ હરી હરી રામા.
પરભુ કો ભજન ખુબ કીજીએ.
અપને અપનો મનખો સફળ કરી લીજીએ.

રાત દીવસ રામ રટણુ કરી જે,
અબોલ કો બોલ લીજીએ,
હરી હરી રામ અબોલ કો બોલ લીજીએ.
અપને અપનો. ૧

સંધ્યા ગાયંત્રી, ભવ દુઃખ વીસારણી,
નિત્ય નેમ કરીજે, હરી હરી રામા,

નિત્ય નેમ કરીજે.   અપને અપનો. ૨

પર નિંદા કો, કામ ના કીજીએ,
પર ધન પત્થર કરી દીજીએ,
હરી હરી રામા પરધન પત્થર કરી દીજીએ.
અપને અપનો. ૩

પર નારીકો સંગ ના કીજીએ,
પ્રેમ હરી રસ પીજીએ,
હરી હરી રામા પ્રેમ હરી રસ પીજીએ.
અપને અપનો. ૪

પારકી પુંજી કામની આવે,
હરી ધન કસોટી કરી દીજીએ.
હરી હરી રામા હરી ધન કસોટી કરી દીજીએ.
અપને અપનો. ૫

સંત સમાગમ સાધુની સેવા.
આતમ રામ મે મીલી જે.
હરી હરી રામા આતમગમમે મીલી જે.
અપને અપનો. ૬

ગોવીદ આનંદ ગુરૂ ચરણમે,
તેજ મે તેજ મીલી જે,
હરી હરી રામા તેજમે તેજ મીલી જે.
અપને અપનો મનખો સફળ કરી લીજીએ. ૭

ભજન (૩૫) ગુજરાતી ભાષાનું.

(આરાધી)

આની આની ઘડીએ હે, આની આની ઘડીએ. ટેક.
હરી તો વહેલા આવજોહેજી, આપ છો દ્વારકાના નાથ.
મારી સાંભળો એક વાત, આની આની ઘડીએ હે ૧
માયા મોહ કેરી જાળ, તેમાં આવી પડયો કાળ,
આની આની ઘડીએ હે ૨
આવી પકડો મારો હાથ, જમડા દેહની કરશે ઘાત,
આની આની ઘડીએ હે. ૩
અંતઃકાળના છો બોલી મારી વારે કરજો વહેલી,
આનો આની ઘડીએ હે. ૪
નિત્ય દર્શન ધણીના થાય આવા ગવન મટી જાય,
આની આની ઘડીએ હે. ૫
ગોવીદ ગુણ ધણીના ગાય તીમર અંધારૂ મટી જાય,
તેજ મે તેજ જઈ સમાય આની આની ઘડીએ હે.

ભજન ૩૬ ગુજરાતી ભાષાનું

(વલોણુ')

કાનાંની ગોવાલ કહાવું. ગાયો તણા ગુણ ગાઉ, ટેક.
વનમેં જઇ ઘેરી આવું પ્રેમે પ્રીતે ઘેર લાવું,
કાનાની ગોવાલણ કહાવું. ૧
વાછડાંને દૂધ પાઉં દુધની દુણી ભરી આવું,

જુગતીએ મહી જમાવું, કાનાની ગોવાળણુ કહાવું. ૨

ખટ રસ મુકી આવું, પાટીઆ મે દહી જમાવું,
ગોળી મહીં ગોરસ લાવું, કાનાની ગોવાળણુ કહાવું. ૩

ગોળીને ધોઇ આવું, ગોરસ મહી ખુબ લાવું.
વહાલાને વહેલો બોલાવું કાનાની ગોવાલણુ કહાવું. ૪

વહાલાને વલોણું વહાલું આમણુ સામણુને ત્રાતાણું,
રવૈયાને ખુબરમાડું, કાનાની ગોવાલણુ કહાવું. ૫

ધમે ધમ ધમકા વાગે સુતાં હોય ઉઠીને જાગે,
ચોરી ખાઇ થાવું ચાવું, કાનાની ગોવાલણુ કહાવું. ૬

છાસ પાણી જુદા થાય માંખણુનો પેંડો બંધાય.
પણુ વીક્રીયાએ તરવઈ જાવું, કાંનાની ગોવાલણુ કહાવું. ૭

છાસ લેવા સૌકો આવે, વહાલાને મન એ ના ભાવે,
માંખણુ મુકી આ શું ખાવું, કાંનાની ગોવાલણુ કહાવું ૮

છાસ તો છ છોરા પીએ, વહાલો મારો માંખણુ લીએ;
માંખણુ ખૈ થવુ ચાવું, કાનાની ગોવાલણુ કહાવું. ૯

માંખણીઆં મજાનાં લાવું, તાવણીમેં ખુબ તાવું;
ગરથ વડે ગુણુલા ગાઉં, કાંનાની ગોવાલણુ કહાવું. ૧૦

ગોવીંદ આનંદ ગુરૂ ગુણુ ગાવે, પ્રગટ દીવો નજરે આવે,
બલીહારી ગુરૂની જાઉં, તેજમે તેજ મીલાઉ. ૧૧

ભજન ૩૭ ગુજરાતી ભાષાનું.

(દાણ લીલા)

દાણ વીણા ક્યાં જાશો, ઉભા ઉભા યાં ચુકાશો. ટેક.
પળ મેં પડી જાશો, ચોરાસીના ફેરા ખાશો,
ક્યાંથી આવી ગોવાલણ, ને શું છે તારૂં નામ;
દાણ લીધા વીના ના જવા દઉ, કાનજી મારૂં નામ,
દાણ વિના ક્યાં જાશો. ૧
ગોકુળની હું ગોવાલણ, ને રાધિકા મારૂં નામ;
ત્રણ ભૂવન ડોલાવી નાંખું, ઓળખે બધું ગામ,
તમે છો ક્યાંના કાના, બેસી રહો છાના માના;
દાણ તો નહિ આલુ, મલપતી ગોકુળ માલુ,
તમે છો ક્યાંના કાના. ૨

તું જાણે રાધા એકલી, રાધા ઠામે ઠામ,
ગોકુળીઆંમેં ગમન કરીએ, મથુરાં મેં ઠામ;
દાણ વિના ક્યાં જાશો. ૩

ત્રણ ભૂવન, ચૌદ લોકમેં કાના, રાધારૂપે એક;
સૌ કોઇ આ મુને ન્યાળે, આવી કરે ભેટ,
તમે છો ક્યાંના કાના. ૪

રૂપાળી આ રાધીકામે, ઘણો ભર્યો રોગ,
ન રોગીને રોગી કરે, કંઈ ના મેળવે ભોગ;
દાણ વિના ક્યાં જાશો. ૫

દાણુનો દોકડો રોકડો નથી, મહીનાં ભર્યાં માટ,
મન ગમતા ગોરસીઆ મારા, પ્રેમે પ્રીતે ચહાય;
તમે છો ક્યાંના કાના. ૬
રાધાજીના ગોરસીઆ, કાનો પ્રેમે પ્રીતે પાય,
ત્રીવિધીના તાપ હોય તો પળમે મટી જાય,
દાણુ વિના કયાં જાશો. ૭
રાધાજી ને કાનજી જ્યારે, બંન્ને થયાં એક,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે, જયાં જોઉં ત્યાં તેજ,
દાણુ વિના કયાં જાશો, ઉભા ઉભા યાં સુકાશો. ૮

ભજન ૩૮ ગુજરાતી ભાષાનું.

(ચોપાઇ–છપ્પો વેરાગનો.)

ઇંદ્રને ચઢયો વેરાગ; ઇંદ્રાણી સુકવા લાગી;
પંઠ બ્રહ્માંડની રચના, પળમાં નાંખી ભાગી,
પાંચ પછી તીન મહીં, સુરતીએ જોયું જાગી;
અલખ પુરૂષ અવીનાશ, સરવે બેઠા ત્યાગી.
નવ આવે નવ જાય, સુનમે બેઠા સોહાગી;
રૂપ અરૂપી જાણુ, ખોળતાં ખોવાઇ જાય,
પણ બ્રહ્માકાર વળતી ભેળી થાય છે,
નહીં યોવીંદ આનંદ ગુણુ કેના, તેજમે તેજ સમાય છે.

ભજન ૩૯ ગુજરાતી ભાષાનું.

(મ્હોંડેથી કથીને કહેવાનું બાવન અરક્ષનું.)

અ અક્ષર બાવન મહીં રહ્યો.

આ કાનો ઇશ્વરઃઊદે ભયો. એઃ માત્રાઃ ૦

મહા સુન મહી એ છ અક્ષર થયા.

૧. ૨. ૩. ૪. ૫. ૬. ૭. ૮. ૯. ૦. સુન એ દશ આંક ને ઉપલા છ અક્ષર મળીને સોળ અક્ષર થયા.

હવે કક્કાના ૩૬ (છત્રીસ) અક્ષર છે તે નીચે મુજબ.

કકા કરમની કાયા બની, મનુષા દેહે જોયો મણી,
તીમીર અંધારૂં મટી જાય, તો બીન રવિ પ્રકાશ થાય.

ખખા ખરી વાત એ જાણ, મુકી દે આ મનની તાણ;
નિશ્ચે નામ હરીનું જાણ, તો આ ભવ તરવાનાં પરમાણ.

ગગા ગુણ હરીના ગા, એ અમૃત સ્વાદ પી ને પા;
પીતાં મે શીતળ થઈ જાય, તો કોટી જનમનાં પાપ કપાય.

ઘઘા ઘણું કહે શું થાય, હરી ચરણમેં ચિત લાય,
જો મન વૃતિ થીર થઇ જાય, તો મહાસુખનો એ ઉપાય.

ડ·અંઘ અંઘમે જો તપાસ, હરી હીરો છે તારી પાસ,
મુકી દે પરાઇ આશ, તો અપાર ધન છે તારી પાસ.

ચચા મનમે ચેતી લે, લેવું દેવું કંઇ ના કહે,
હરદમ નામ હરીનું લે, તો બીજી વાસના મુકી દે.

છછા છોડ કલ્પના ભાઇ, પરપંચ માયા જુઠી સગાઇ,
હરિ ચરણુમે ચિત્ત મળે, તો આવાગવનના ફેરા ટળે.

જજા જાત ભાતના જાણુ, હરીને ભજે તે હરી સમાન,
એવા નરનાં દર્શન થાય તો આપણાં પાપ નિવારણ થાય.

ઝઝા જરા ઝાંખી જો, વસ્તુ પાસે તપાસી લ્યો;
હરી હીરાની પાસે ખાણુ, તો સંત વચનનાં એ પ્રમાણુ.

એયા યાદ રાખ્ય હરદા માંહી, સત ગુરૂ વચન એ ભુલીશ નહિ.
હરી અજવાળું પ્રગટ થયું તો તીમીર અંધારૂં મટી ગયું,

ટટા ટેક દર્શનની રાખ, ચંદા સુરજ પુરે સાખ,
હરી દર્શન કરવા જાય, તો ડગલે ડગલે જગ્ન ફળ થાય.

ઠઠા ઠરવાનું એ ઠામ, હરી સ્મરણ એ મોટું નામ,
રાત દીવસ રટણ કરે, તો લખચોરાશીના ફેરા ટળે.

ડડા ડહાપણ મુકી દે, હરી ગુરૂ સંતના શરણે રહે,
ગુરૂ મુખ વાણી સરવણ થાય, તો પ્રાંસ્ચિત કર્મ તારા જાય.

ઢઢા ઢોલ વગાડી કહ્યું, હરી સ્મરણ જેને હરદે રહ્યું,
સેહેજે મુક્તિ તેની થાય, તો એ ભજનનો મોટો મેમાય.

ણુણા અણી અગરનો ખેલ, મુકી દે આ મનનો મેલ,
સતં ગુરૂ શબ્દે સહેજે તરે, તો એ ગુરૂ ચરણે ચિત મળે.

તતા તીમર અંધારૂં જાય, ઉગે ભાણુ અજવાળું થાય,
ચરાચર મેં રહ્યો રામ, તો પુરણ પામે એનીજ ધામ.

થથા થીર થઈ તારૂં તપાસ, હરી ચરણમેં કર જે વાસ,
બીજે વૃત્તિ કંઇ ના જાય, તો સેજે એની મુક્તિ થાય.

દદા દેહે દેવળમે દેવ, હરદમ તેની કરજે સેવ.
એ દર્શનથી કારજ થાય, તો ભવ તરવાનો એ ઉપાય.

ધધા ધણીનો ધડ વિશ્વાસ રાખ, હરદે હરી હુવો પ્રકાશ,
આ મનડાની પુરે આશ, તો એનો થાયે વૈકુંઠવાસ.

નના નજરે નીરખી જો, આ હરી દર્શનનો લ્હાવો લ્યો,
મનખા દેહ મોંઘો અવતાર, એ નહિ આવે એ વારોવાર.

પપા હરીસું પુરણ પ્રેમ, નિશ્ચે રાખો તેનો નેમ,
હરીને જમાડી પોતે જમે, તો એવી રમત કોઇ હરીજન રમે.

ફફા ફેરા ઘણા ફર્યા, અનેક દેહ આવીને ધર્યા,
આ દેહમેં હવે આવ્યો દાવ, તો હરી સ્મરણનો લેને લ્હાવ.

બબા બોલે એને જાણ, મુકી દે હવે ખેચાતાણ,
હરી રસ અમરીત હરદમ પીજે, તો આ મનખો સફળ કરી લેજે.

ભભા ભ્રમણા મુકી દે, સાચી વસ્તુ સ્નેહ કરી લે,
પારસ મણિ હરી પ્રમાણ, તો એ વસ્તુ નિશ્ચે જાણ.

મમા માયા મોટી જાળ, માંહી ફસાયો આવ્યો કાળ,
હરી ગુરૂ સંતે કીરપા કીધી, તો માયા જાળ છોડાવી દીધી.

યયા અવસર આવ્યો સારો, હરી ગુરૂ સંતનો શરણે ધારો;
એ બુડતડાની બાંયો ઝાલે, તો આ ભવસાગર પાર ઉતારે.

રૈરા રણુ ચોરાશીતણું, એમાં દુઃખ છે અતિ ઘણું;
છોડાવે એ સરજનહાર, તો હરી સમરો ઉતરો ભવ પાર.

લલા લાખેણો આ વખત જાય, હરી સ્મરણુનો કરો ઉપાય;
હરીને ભજે તે હરી જેવા થાય, તો એમાં નહિ સંશેય જરાય.

વવા વાત વિચારી જોઇ, અંતે રહેવાનું નહિ કોય;
હરી હરી કરતાં દીવસ જાય, તો જન્મ મરણુ ભય મટી જાય

શશા સમ દ્રષ્ટી રાખ, અમૃત પ્યાલો પ્રેમે ચાખ્ય;
હરદમ હરી હર દામે રાખ્ય, તો ચંદા સુરજ પુરે સાખ.

ષષા ખબરો હરીની થઇ, હરદમ હરી હરદામાંહી,
અવર વાસના ઉડી ગઈ, હરી તેજ મહીં સમાઈ રહી.

સસા સાસ ઉસાસે સમરણુ થાય, આવાગમનના ફેરા મટી જાય.
જીવન મુક્તિ એ કહેવાય, તો મોક્ષ ગતિ એની થઈ જાય

હહા હમેશ હરદે ન્યાળ, બાહેર ભીતર હરીને ભાળ;
એ તારી લેશે શંભાળ, તો મુકી દે બીજી આવી પંપાળ.

ળ આળસ મુકી દે ભાઇ, હરી ભજવાની વેળા થઈ;
હરી ભજતાં કાળ નહિં ખાય, તો અંતકાળે એ વૈકુંઠ જાય

ક્ષ અક્ષર ઉદે થયો, આવાગમનનો ફેરો ગયો;
હરી ચરણુમે સદા રહ્યો, તો અમરાપુર મેં એ નર ગયો.

જ્ઞ આજ્ઞા ગુરૂની થઈ, બાવન અક્ષર વિચાર્યા ભાઇ.
અક્ષરે અક્ષરે આતમરામ, તો હરી વિના નહિ ઠાલો ઠામ

ગોવિંદ આનંદ હરી ગુણ ગાય, ગુરૂ ચરણુમાં મોટો મહીમાય
આ મુખથી કહ્યો ન જાય, હરી તેજમે તેજ રહ્યા સમાય.

ભજન ૪૦ ગુજરાતી ભાષાનું.

હે ગુરૂની શાને સમે રહીયે હોજી રે.
સતગુરૂ ચરણે ચીત દઇએ જી.
એ રે લાવો ગુરૂથી લઇએ.
આકાર વરતી મેં રહીએ જી.
પોતાનું રૂપ જેણે નથી જાણ્યું હોજીરે,
અદભુત ગાય ભ્રમને ભાળ્યું જી,
એ માયા મોહા જાળે મહાલ્યું,
એરે મનડું આડે મારગ ચાલ્યું જી.
એ ગુરૂની સામે સમાઈ રહીયે હોજીરે. ૧
એ વરતી વખીયા રસને જાણે હોજીરે,
લખ ચોરાસીમાં જઇને મહાલેજી;
મોક્ષ ગતિએ નવ જાણે.
કારમી માયાના રસ માણેજી;
ગુરૂની સામે સમાઈ રહીયે. હોજી. ૨
સાન ગુરૂની ગમ છે ન્યારી હોજીરે,
ચરણ કમળ જાઉ બલીહારીજી;
એ મન વરતી ડોલતી હારી.

સત ગુરૂને જાઉં બળી હારીજી;
ગુરૂની સામે સમાઈ રહીયે હોજી. ૩

સત ગુરૂ સામી કરૂણા કીધી હો જીરે,
ભવસાગરમેં તારી લીધીજી;
અવિચળ પદવી ગુરૂએ દીધી.
ત્રીવીધી તાપથી સીતળ કીધીજી;
ગુરૂની સામે સમાઈ રહીએ હોજી. ૪

ગોવીંદ આનંદ ગુણ કેના ગાઇએ હોજી રે.
દ્રષ્ટી સુસટી નવ લઇએજી,
અપાર તેજ એનો કહીએ;
એ તેજમાં તેજ મળી રહીએજી.
ગુરૂની સાને સમાઇ રહીયે હો જીરે,
સદગુરૂ ચરણે ચિત્ત દઈએ. ૫

ભજન ૪૧ ગુજરાતી ભાષાનું.

તમે ભજન કરોને મારાભાઇ,
મનખો જાશે તારો વહી,
કુંવારી આ કન્યા આવી રહી;
ના મળે માબાપ ભાઈ.
સબ જુગમે સઊ એને મોહ્યા.
કોઇને પરણી નહિં.
તમે ભજન કરોને મારા ભાઇ. ૧

ક્યાંથી આવી ક્યાં જશે રઇ એની ખબરો નહિ,
વાણી વૈખરીને વહી ગયા છો, પરાની ખબરો નહિં,
તમે ભજન કરોને મારા ભાઇ. ૨

દેવી દેવતા એને મોહ્યા રઈ, સર્વને ઠગી ગઈ;
શિવ, બ્રહ્માને વિષ્નુ દેવા એને છળી ગઈ.
તમે ભજન કરોને મારા ભાઇ. ૩

અખંડ અરૂપી એ કુવારી રઈ, કોઇને વરી નહિં;
સૌના ભેળી સૌથી ન્યારી એ ખોળતાં ખોવાઇ ગઈ;
તમે ભજન કરોને મારા ભાઈ. ૪

આતંમ મહાતંમ ખોળવા ગઇ રઇ પોતે ખોવાઇ ગઇ,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે મળી તેજના માંહી:
તમે ભજન કરોને મારા ભાઇ મનખો તારો જાશે વહી. ૫

ભજન ૪૨ ગુજરાતી ભાષાનું.

(ભકતમાળ આરાધી ભજન.)

અનેક ગુનાં બક્ષો રામાજી, દર્શન દયો મહારાજા રે. ટેક.
શરણે આવ્યાની લજ્જા રાખોજી, આ અધમને ઓધારો રે,
અનેક ભકતોનાં કારજ કીધાજી, ગા સંતનની વારે ધાયાજી.
અનંત રૂપ, લઈ આવ્યારે, જેવા ધાયા તેવા પાયાજી,
આરાધે ધણી આવ્યારે, અનેક ભકતોનાં કારજ કીધાજી. ૧
હરણાકંશને હાથે હણીઓ જી, પ્રહેલાદને ઉગાર્યો રે,

નેભામેંથી ખાળ ઉગાર્યોજી, સરીઆ દેહને તારી રે,
અનેક ભક્તોના કારજ કીધાજી. ૨

રોહીદાસ કુંવરને નાગે ડસીઓજી,
હે પુત્ર સજીવંન કીધાંરે, હરચંદ, તારા દે ને તારીજી,
આવી દર્શન દીધાં રે, અનેક ભક્તોનાં કારજ કીધાજી. ૩
પાંચ પાંડવોની પ્રથમા પાળીજી,
દ્રોપદીની વારે આવ્યા રે, એ પંચાળીનાં ચીર પુર્યાંજી,
પરગટ દર્શન આપ્યાં રે,
અનેક ભક્તોનાં કારજ કીધાંજી. ૪

વામનરૂપે ધણી આપે આવ્યાજી, બળીને દ્વારે જાચ્યારે,
બળીને પીયાળે ચાંપ્યોજી, હરદમ દર્શન આપ્યાં રે,
અનેક ભક્તોના કારજ કીધાજી. ૫

શેઠ સગાળશાને દ્વારે આવ્યાજી, ઈચ્છા ભોજન માગ્યાંરે,
સંતને કારણ કેલઈઓ માર્યોજી, એ પુત્ર સજીવન કીધારે,
અનેક ભક્તોના કારજ કીધાજી. ૬

સુદામાના તાંદુળ ખાધાજી, દળીદર દુર કીધાંરે,
સવરી બાઈનાં બોરાં ખાધાંજી, પ્રેમ કરી આરોગ્યા રે,
અનેક ભક્તોના કારજ કીધાંજી. ૭
ગરભ હતો તે કઢાડી નાંખ્યોજી, છોતરાં વહાલે ખાધાંરે,
વિદુરજીની ભાજી આરોગીજી, કરમા બાઈનો ખીચડો રે.
અનેક ભક્તોનાં કારજ કીધાંજી. ૮

નામદેવની વારે આવ્યાજી, આવી છાપરાં છાયાંરે;
ભક્ત કાજ ભીંજાયા પોતેજી, પરગટ દર્શન દીધાંરે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૯

ધના ભકતે ખેતી કીધીજી, વેળુ વાળી આવ્યારે;
કણ હતાં તે સાધુને આલ્યાજી, ધણી ઘઉંના ગાડા લાવ્યારે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૦

નરસીંહ મહેતાનાં કારજ કીધાંજી, હુંડી સકારી પોતેરે;
કુંવર બાઇનાં મામેરાં પુર્યાંજી, હરી આપે હાર આલ્યોરે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૧

મીરાંબાઈની વારે આવ્યાજી, ઝેર અમરીત કીધાંરે;
અમરીખ રાજાની વારે આવ્યાજી, પરગટ દર્શન દીધાંરે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૨

બોડાણાની ભક્તિ સાચીજી, ડાકોરમેં ધણી આવ્યારે;
ગંગાબાઈની વાલની વાળીજી, એ બરાબર તોળાયારે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૩

કોળવા ભગતની ભકિત સાચીજી, ધણી દેવળ ફેરવી દીધાંરે;
સનમુખ આવીને દર્શન દીધાંજી,એવા ભકતોની વારે આવ્યારે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૪

ધરૂજીની ધારણુ સાચીજી, ભારે તપ કીધાંરે;
પ્રગટ આવી દર્શન દીધાંજી, અવીચળ પદમી આપીરે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૫

શુભ ભકતને આપે જમાડયોજી, આપે ગગન ઘંટ બજાયોરે;
નાભાજી ઢાડીનો બાળકજી, તેને પ્રગટ દર્શન આલ્યાંરે,
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૬
ત્રીલોચન અજેપાળ અધમજી, તેને પ્રગટ દર્શન આલ્યાંરે;
કબીરજી સજનો કસાઇજી, તેને દર્શન આલી તાર્યા રે,
અનેક ભગતોનાં કારજ કીધાંજી. ૧૭
તુલસીદાસના સન્મુખ આવ્યાજી, ચંદન પ્રેમે લગાયારે;
હસ્તનાપુરમેં નામેં હઠ લીધીજી, હસીને દુધ પીધાંરે.
અનેક ભગતોનો કારજ કીધાંજી. ૧૮
તોળાંદે રૂપાંદે રાણીજી, ગુરૂને દવારે આવ્યારે;
પ્રગટ પરછો એને આલ્યોજી, જેસલ માલદેને તાર્યારે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૧૯
કુંભા રાણા ઘેર ચારણ આવ્યોજી, તેણે માગી કુંભાની રાણીરે,
સાડા પંદરસે રૂપ ધરીઆજી, મહેલે મહેલે કુંભો રાણી રે.
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૨૧
મારા ગુન્હાનો પાર નથીજી, આ અધમને ઓધારો રે,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણેજી, પરભુ હરદમ દર્શન આલોરે;
અનેક ભકતોનાં કારજ કીધાંજી. ૨૦

ભજન ૪૩ ગુજરાતી ભાષાનું.

દેહ દ્વારકાં મે દરસીયા દાંહાં—
દેહ દ્વારકાં મે દરસીયા;

નકળંગ રાજા રાજ કરે ભાઇ,
રાજ રાણીનીવૃત્તિ.
એ રાજની રક્ષા કરે ભાઇ,
હે મનવા કારભારી થયો, પણ વિચાર ભાઇ,
એવી રાજ રીતી ન્યાય ચલવજે. હાં હાં. 1
રાજ રીતી ન્યાય ચલવજે,
એ લોભ લાલચ મત કરો ભાઇ;
ન્યાયથી તમે કામ કરજો.
અન્યાય તમે મત કરો ભાઇ;
હે મનવા નગરના ચોર ઓળખ ભાઇ;
એવા જોર જુલમીને તમે વશ કરો હાં હાં— ૨
જોર જુલમીને વશ કરો,
હૈયે રાખો ધીર ભાઇ,
અભીમાન અહંકાર મારો,
થાવ શુરવીર ભાઇ;
હે મનવા રૈયતને સુખમે રાખ્ય ભાઇ,
ચોર હરામીને વશ કરો. હાં હાં. ૩

ચોર હરામીને વશ કરો, અન્યાય અસત મત કરો ભાઈ,
રાજની રક્ષા કરો, ન્યાય રીતે આચરો ભાઈ,
હે મનવા દ્વારકાં પુરી મે વીચારભાઈ,
એવા દેવ દાનવ તમે મત લડો હાં—હાં, ૪

દેવ દાનવ તમે મત લડો, એ સમ કરી સંપ કરો ભાઇ,
કુબુદ્ધી કહાડી સુબુદ્ધી આલો કાળ ક્રોધ પરહરો ભાઇ,
હે મનવા સતરે ધરમ દયા રાખ ભાઇ,
વિવેક વીચારીને ચાલજે. હાં—હાં ૫

વીવેક વીચારીને ચાલજે, ના આવે હાક બુમ ભાઇ,
ગોવીદ આનંદ ગુરૂચરણે, ચરણ ચિત્ત લાવ્ય ભાઇ,
હે મનવા તેજ મે તેજ મીલાય ભાઈ,
એવા સોહમ નૂકળંગી સાહેબો હાં—હાં ૬

ભજન ૪૪ ગુજરાતી ભાષાનું.

નકળંક ઘોડા ને સ્વારની સામગરીનું ભજન.

(કડી)

ઘોડા રે સવારની સામગરી હાં હાં ઘોડા સવારની સામગરી,
તમે એક ચિતે સાભળો ભાઇ આવરણ દુર કરો ઉરસે,
એ લક્ષ ચોરાશી કેમ પડો ભાઈ, સત ગુરૂ શબ્દ સાંભળો,
એ ભવસાગર સહેજે તરો ભાઇ,
એ વીશ સુરત નુરતથી ને ભાઇ,
એવી મોગરી માયાને મારજો. હાં હાં ૧
મોગરી માયાને મારજો,
મેખ દેખ રેખ સજડ કરો ભાઈ.
આગળ પાછળ ડોર કરી,
મન ઘોડા વશ કરો ભાઈ.

હે વિરા ઢલની ડલી ઉપર નાંખ ભાઈ,
એવાં જરણારા જીન મંડાવજે હાં હાં ૨

જરણારા જીન મંડાવજે
એ ભાલીઓ ગમ રાખ્ય ભાઈ.
બાલ દોરી તંગ ખેંચી તોરીંગને વશ રાખ્ય ભાઇ,
હે વિરા લેહની લગામ હાથ રાખ્ય ભાઇ.
એવી ચીત્ત ચાબુક આ વશ કરો. હાં-હા ૩

ચીત્ત ચાબુક વશ કરો.
એ કરમ વાડ કુદાવજે ભાઈ,
તોબરામે કણ રાખી.
ઢંમ દોરી લોટો લાવ ભાઇ,
હે વીરા સીધે મારગ ચાલી આવ્ય ભાઈ.
એવા સંગરામ છે સુરા તણું૰ હાં-હાં ૪

સંગરામ છે સુરા તણાં.
એ સત સંમસેર બાંધ ભાઈ
પ્રેમ પીસ્તોલ પકડ હાથમેં.
જ્ઞાન ગોળા છોડ ભાઇ,
કાળ ક્રોધ મોહો મમતા અભિમાન માર ભાઈ.
હે વીરા શબ્દોનાં બાણ ભલકા ઝીલ ભાઇ,
એવી ધીરપ ઢાલો બાંધજે હાં-હાં ૫

ધીરપ ઢાલો બાંધજે

સંતોષ પેંગડે પગ ધરો ભાઈ,
આસન ધ્યાન લીજીએ, ફેરી ગગન મંડળ લીજીએ ભાઈ.
અંનહદ વાજા વાગીયાં, કે રણુંકાર મે રીઝીએ ભાઈ.
હે વીરા ચેતલે ઘોડેઅસવારભાઈ એવા ગુરૂ ચરણુમે રીઝીએ.
હા હાં. ૬

ગુરૂ ચરણુમે રીઝીએ બ્રહ્માકાર વૃત્તિ કીજીએ ભાઈ,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે એ તેજ મે સમાયે ભાઈ.
વાચ અવાચ કાંઈ ના રહ્યું. કથની કોની કીજીયે ભાઇ.
એ વીરા અવર દુભો નવ જાણુ ભાઈ. સોહંમ પ્રકાસ સરવ મહી
હાં હાં. ૭

ભજન (૪૫) ગુજરાતી ભાષાનું.

હે મનવા કાયારે હુંધો કાચો કોટ ભાઈ.
એનો ભરૂસો નવ રાખીએ હાં–હાં એનો ભરૂંસો નવ રાખીએ
પલમેં પડી જાય ભાઈ.
એ નેતું બહુ મોહી રહયો પણ ચોરાસીમેં જાયભાઈ;
હે મનવા મોહને મમતાને માર ભાઈ.
એવી માયા કાયા ખોટી જાણજે. હાં હાં ૧
માયા કાયા ખોટી જાણજે એછે જમનો માર ભાઈ;
સંત સંગત કીજીએ, ઉતરે ભવજળ પાર ભાઇ.
એ માયા તુને મીઠી લાગે, એને તું ત્યાગ ભાઇ;
હે મનવા ગરૂનાં વચન સુણી જાગ ભાઇ.
એવી સત્તની શેરીએ ચાલ જે, હાં હાં ૨

સતની શેરીએ ચાલજે સમ દ્રષ્ટી તારી રાખ્ય ભાઇ.
માયા બજારે મુકી દેજે વહેવાર સત્ત રાખ્ય ભાઈ;
હરી હુંડી સકારજે એ નામ નાણું આલ્ય ભાઈ
હે મનવા વાણોતરી વણજો કીજીએ. હાં હાં ૩

વાણોતરી વણજો કીજીએ ગરૂ ચરણે રીઝીએ ભાઈ
ગોવિંદઆનંદ ગુરૂચરણે હરદંમ ચીત્ત દીજીએ ભાઈ;
પ્રેમનો પરકાશ થયો, અંધેરો મટી ગયો ભાઈ
હે મનવા તેજમે તેજ મીલાય ભાઈ. ૪

ભજન ૪૬ ગુજરાતી ભાષાનું.

(આત્મ રૂપિ આંબો.)

સોહં પ્રકાસ આંબો જાણ્યો. હાં-હાં-હે
એ શાંન્તી સીતળ માંહી આવ્યો,
ત્રીવેદીનો તાપ હોલાયો;
એ મોક્ષ પદ પ્રાસ પાયોજી. ૧

પ્રથમ ઓંહકાર ગોટલો આવ્યો. હાં-હાં-હે
એ ગોટલી માહિં, અંકુર આત્મા;
સ્વાંન તીથી એ મોટો થાય,
એ પરગટ નજરે આ દેખાયજી. ૨

અધર મુળ અધર થડ હાં-હાં-હે,
એ અધર ડાળાં, ડાળી પાંખડી;

અનંત પ-તે ખુબ ખીલ્યો,
એ ગુલાબ વરણા મોહોર દેખાયાજી ૩
મોહોર મરવા ખરવા લાગ્યા. હાં હાં હે
એ ફારમી કેરી અનેક આવી,
સાખ આવી ફૂળ પાકયાં,
એ રસ બસે રસે ભરીયોજી. ૪
એ આબાંનો કોણ રખવાળ. હાં હાં હે,
એ કોણ આંબો વેઢી આવ્યો,
એનાં ફૂળ કોણ લાવ્યો,
એ ફૂળ કયાં જઈ સમાયાજી. ૫
સત કોટવાળ રક્ષા કરે હાં હાં હે,
એ દયા ધરમ વેઢી લાવ્યા,
સંતોષ ફૂળ પ્રગટ આવ્યાં;
એ ચાર જગ્યામે જઈ સમાયાજી. ૬
પહેલાં ફૂળ ગૌ લોકમે હાં હાં હે,
બીજા વૈકુંઠ મહી આવ્યાં;
ત્રીજાં કૈલાસ મહીં સમાયાં,
ચોથા અમરાપુરમે આવ્યાજી. ૭
ગોવીંદ આનંદ ગરૂ ચરણે હાં હાં હે,
એ આંબો ઓળખ્યો, મહાસુખ પાયાં;
શાંન્તી સરૂપ મહીં સમાયા,
તે તેજમે તેજ મીલાયાજી. ૮

ભજન ૪૭ ગુજરાતી ભાષાનું.

આ જીવ ઇશ્વર એક જાણે હાં હાં હે,
મુકી દયે આ ખેંચાતાણે,
એક અખંડી વસ્તુ ન્યાળે,
બ્રહ્મ આત્મા એક જાણોજી. ૧

આ માન સરોવર મોતી ભરીયાં હાં હાં હે
એ મોતી ચરવા હંશ આલે,
મોતી ખાય મોતી આલે,
એ મોતી કોઈ સંત જાણેજી ૨

બીજમે એક અંકુર જોયે હાં હાં હે,
તે અંકુર મેં એક વૃક્ષ ન્યાળ્યો,
પાન ફુલ ફળ ભેળો ભાળ્યો,
એ મુળવીના વૃક્ષ જાણ્યોજી. ૩

આ સમુદ્ર માંહી અનેક તોરીંગ હાં હાં હે,
પરપોટા થાય નાના મોટા,
ફાટી ફુટી મહીં સમાય,
એ આખર જળનું જળ કહેવાયજી ૪

આ સોનાના ઘાટ ઘડીઆ હાં હાં હે,
અનેક નામે ઘાટ કહેવાય,
ભાગી તુંટી ભૂકો થાય,
એ મુદ્દા મેં તો સોનું કહેવાયજી. ૫

ગુરૂ ગોવીંદ એક જાણો હાં હાં હે.
એ મહારસને એ માણો.
ગોવીંદ આનંદ ગુરૂચરણે,
એ તેજમે એ તેજ ભાળોજી ૬

ભજન ૪૮ ગુજરાતી ભાષાનું.

માયાનાં ચરીત્ર

આ પૃથ્વી પડમાં ઉધેઇ ભાળી હાં હાં હે
આ ઉત્પત્તિ સૌ પરસે કરે, કોઇથી એ નવ ડરે
સૌનાંએ ભક્ષ કરે. એ સંત ઉધેઈ વશ રાખેજી ૧
આ જળ માંહી પોલાણુ ભાળી હાં હાં હે
એ પોલાણુ મહીં માછલી મહાલે,
કુટુંબ પરીવાર સાથે ચાલે
પાલણુ પોષણુ સોને આલે;
એ સંત માછલી વશ રાખેજી. ૨
આ અગ્નિ ઘરમાં જવાળા વશે હાં હાં હે
ત્રીવીધીએ તાપ પ્રજાળે
સુકા લીલા સોને બાળે
જ્યાં જોઉં ત્યાં એહ માલે
એ સંત જ્વાળા વશ રાખેજી. ૩
આ પવન ઘરમે, વાસના રહે હાં હાં હે
સુગંધ દુર્ગંધ કુટુંબ પાળે

જેને જોઇએ તેવું આલે
એ સરવ માંહી વાસના મહાલે
એ સંત વાસનાં વશ રાખેજી. ૪
આ આકાશ ઘરમે વિજળી રહે હાં હાં હે
એ વીજળી સૌને ખબર આપે;
એ ચમત્કાર ચમકાવી નાંખે,
એ ગેબી ગર્જના માંહી ભાંખે;
એ સંત વિજળી વશ રાખેજી. ૫
પાંચ તત્વ, પચીસ વિષયો હાં હાં હે
એનું જોર બહુ જણાય
એ ખોળતાં ખોવાઈ જાય
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે
એ તેજમે એ તેજ મીલાયજી. ૬

ભજન ૪૯ ગુજરાતી ભાષાનું.

(કાયા વિષે અષ્ટ કમળ)

ગરૂ ગમ ગોદા કમળ કહીએ હાં હાં હે
ગુણપતિનાં દર્શન દઇએ
છસો સ્વાસ એનાં કહીએ
કુંચમ કુંચમ અવાજ લઈએજી ૧
પ્રેમ પેડુ કમળ કહીએ હાં-હાં.-હે,
એ બ્રહ્માજીનાં દર્શન લઇએ;

૭ હજાર એ સ્વાસ કહીએ.
અલીલંગ, અલીલંગ, અવાજ લઇએજી. ૨
લિંસે નાળી એ કમળ કહીએ. હાં-હાં-હે,
વિશ્નુજીનાં દર્શન લઇએ;
૭ હજાર સ્વાસ કહીએ.
હરીયંગ હરીયંગ અવાજ લઇએજી. ૩
વસ્તા અસ્થાન કમળ કહીએ હાં હાં હે
એ ચૈતન બ્રહ્મ પરકાસ લઈએ;
એ ઉજાસે આગળ જઈએ,
વસ્તુ એ વિચારી લઇએજી. ૪
હરહંમ હરદા કમળ કહીએ હાં હાં હે,
રૂદ્રજીનાં દર્શન લઈએ;
૭ હજાર સ્વાસ કહીએ.
અહો રંગ અહો રંગ અવાજ લઇએજી. ૫
વાચ્ય કંઠ કમળ કહીએ હાં હાં હે,
જે દેવજીનાં દર્શન લઇએ;
એક હજાર સ્વાસ કહીએ.
તુન તુન તુન તુન અવાજ લઇએજી. ૬
બ્રહ્મ ભ્રકુટી કમળ કહીએ. હાં હાં હે,
પ્રેમ દેવજીના દર્શન લઇએ;
એક હજાર સ્વાસ કહીએ.
શરીયંગ, શરીયંગ, અવાજ લઇએજી. ૭

મહા સુન શીખર કમળ કહીએ હાં હાં હે,
નિરંજનનાં દર્શન લઈએ,
એક હજાર શ્વાસ કહીએ,
ઓહુંમ, સોહુંમ અવાજ લઈએજી. ૮

એકવીસ હજાર છ સો જાપ હાં હાં હે,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે,
તેજમે એ તેજ મીલાયાજી.

ભજન ૫૦ મું. બ્રહ્માની સ્તુતિ (ગુજરાતી ભાષાનું.)

ઓહું, સોહું તતસત, અસ્તી, ભાથી, પ્રીયે. ટેક.
સતચીત આનંદમ, હરદમ હરીએ,
ગ્યાન ધ્યાન નિત્ય નેમ, પ્રેમ પ્રીત કરીએ,
પાન, ફુલ ફળ મેવા, સુગંધ રસ હરીએ,
ઓહું સોહું તતસત ૧

વાચ અવાચ અવાચ વાચ, સાસથી કરીએ,
અન્ન પાણી વસ્ત્ર વસ્તુ, ભાવ ભેગા હરીએ.
ઓહું સોહું તતસત. ૨

માયા કાયા પંડ બ્રહ્માંડ, ભ્રાંન્તિ ખંડીત કરીએ,
અખંડ રૂપી આત્મા, પરમાત્મા હરીએ,
ઓહું સોહું તતસત. ૩

અંધારૂં અજવાળું એ, પાપ પુન્ય કરીએ,

મોટી ભ્રાન્તી ભાગી ગઇ, સર્વંતર હરીએ,
ઓહં સોહં તતસત. ૪

થાપ ઉથાપ આવા ગંવન, મૂળ કાઢી મળીએ;
અકરતાને કરતાએ, કહી ના શકે હરીએ;
ઓહં સોહં તતસત. ૫

રજો સતો તમો ગુણ, પાંચ પચીસ ભ્રાન્તીએ;
ત્વંપદ તતપદ અસીપેદ હરીએ;
ઓહં સોહં તતસત. ૬

વિદેહી દેહે નહિ વસ્તુ શું વરણીએ;
સોહં પ્રકાશ સર્વે મહીં બાહર ભીતર હરીએ;
ઓહં સોહં. તતસત. ૭

નહિં ગોવિંદ આનંદ ગુણ એ, ધ્યાન શું ધરીએ;
ઉપાધી અળગી થઈ, અકળકળા તેજ રૂપ હરીએ;
ઓહં સોહં તતસત, અરથી ભાથી પ્રીચે;
સતચીત આનંદ હરદમ હરીએ. ૮

ભજન ૫૧ મું. વિશ્નુની સ્તુતી (હીંદુસ્તાની ભાષા.)

કંચંન દેવલ મહીં, ધરે રૂપ અપારા;
ગદા પદમ શંખ ચક્ર, ચત્રુભૂજ મુગટવાળા. ૧
અખંડ જ્યોત પ્રકાશ, નકળંકી નાથ કહાએ,
રણછોડરાય મહારાજ, ધણી પ્રગટ આયે. ૨

આપ હો દ્વારકાકે નાથ, ચોરાસીકો રણુ છોડાવો,
આવા ગવનકો ફેરો, લક્ષ ચોરાશી મીટાવો. ૩
તુમ શરણે આયો દાસ હરી અબ કાં જાઓ,
જહાં તુમ ત્હાં હંમ, અખંડ લીલા દર્શાવો. ૪
નિજ પ્યાલા ભરપુર, નુર અમી રસ પાઓ,
અંતર જામી પરમાત્મા, પરી બ્રહ્મ કહાવો. ૫
રૂપ અરૂપી આપ, દેહી વીદેહી જાણો,
અકળ અવિનાશી નાથ, આદ અંત તમને માનું. ૬
દો સતગુરૂ સંતકી સેવ, આપનો કર લીજીએ,
તેજમે તેજ મીલાય, અખંડ એસી પદ દીજીએ. ૭
સેવકકી કરો સહાય, કારજ તુરત કીજીએ,
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે, તેજમે તેજ મીલાય દીજીએ. ૮

ભજન ૫૨ મું. મહાદેવની સ્તુતી (હીંદુસ્થાની ભાષા)

(તેજ પ્રકાશ.)

ચંદ્ર શકિત ઉજાસ, તેજમે નવ લક્ષ તારા;
સોહં સુરજ પ્રકાશ બીંબ પ્રતીબીંબ પ્યારા. ૧
શીર પર છત્ર નાગ, જટા ગંગ એક ધારા;
ત્રીલોચન મહાદેવ પારવતી સંગહે પ્યારા. ૨
બ્રહ્મા વિશ્નું મહેશ, ગુણપતિ ખેલણુ હારા;
હરમાનકી હાક કશ્છ નંદીઆ હે પ્યારા. ૩
દ્વાર પાળ દેવી દેવ, સત હે છડીદારા.

અનહદ નાદ મંહીં, સોઈ હે સરજનહારા. ૪
દીપ ધુપ નિત્ય ધ્યાન, સઘન જયોત પ્રકાશી;
અણુ લીંગી આકાર સોઈ હે અલક અવિનાશી. ૫
તે ત્રીસા કીલાર, પંડ બ્રહ્માંડ સે ન્યારા;
નહિં ગોવિંદ આનંદ ગુણ કીશીકા એહી હે તેજ અપારા. ૬

ભજન ૫૩ મહાદેવજીની સ્તુતિ પોતાના સ્વરૂપની વિભુતી સહિત.

હીંદુસ્થાની ભાષાની.

પદ્મ ધર્યો આશંન બાગંબર ગલે રૂંઢમાળા,
હાથ ધર્યો તરશુળ બાજે એ ડમરૂં પ્યારા. ૧
ભૂતાવળીએ ભૂતપતી ગગંનમેં ભેરવ ગાજે;
હાથ ખપર અલેક ઘુઘરાં ઘંમ ઘંમ વાગે. ૨
ચોસેઠ જોગણી લાહાર ખપર ખાંડાવાળી,
થાપ ઉથાપ એ કરે મહાદેવકી વિભૂતી ન્યારી. ૩
ગળે ઘુઘર માળ નંદી આ ઠંમ ઠંમ ચાલે,
પારવતી ગુણપતી હરમાન મોરે હાલે. ૪
શીંગી હોવે નાદ બાજા અનહદ બાજે,
દેવી અન્ન પુરણા બટુક સાથ પુષ્પકી માળા છાજે. ૫
અગર ચંદનકો લેપ જટા ગંગ એક ધારા;
શેશ નાગ ધરે છત્ર ત્રિલોચન નાથ એ પ્યારા. ૬

દ્વારપાળ લીગ દેવ સત હે છડી દારા;
દીપ ધુપ નિત્ય ધ્યાન આરતી ઉતારે પ્યારા. ૭
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે મહાદેવકા ગુન ગાયા;
અજબ લીંગ પરકાશ તેજમેં તેજ મીલાયા. ૮

ભજન ૫૪ ગુજરાતી ભાષાનું.

ચાર દેવીની સ્તુતિ નંબર ૫૪

(રાગ લાવણી.)

અંબે બહુચર તુલજા ભવાની મહાકાળી એ મોક્ષ કરે,
મંગળકી સેવા સુન મેરી દેવા હાથ જોડ તેરે દ્વાર ખડે;
પાન સોપારી ધજાના રીએલ જવાળા તેરી ભેટ ચડે.
સુણુ જગતંમ્બે અકર વિલંબે સંતનકા ભંડાર ભરે,
સંત પ્રતીપાળી સદા ખુશાલી જે કાળી કલ્યાણ કરે;
અંબે બહુચર તુલજા ભવાની. ૧
બુદ્ધી બીદાતા, તુહીં જગ માતા મેશ કારજ સીદ્ધ કરે,
ચરણ કમળ કાં લીયા આશરા શરણ તુમારે આન પડે;
જબ જબ ભીડ પડે ભકતંનપે તબ તબ આયે સાહ્ય કરે.
સંત પ્રતિપાળી સદા ખુશાલી જે કાળી કલ્યાણ કરે,
અંબે બહુચર તુલજા ભવાની. ૨
બીર, બીરદ, સબ જુગ મોઝા તરણી રૂપ અનુપ ધરે;
માતા હોકે પુત્ર ખીલાવે કહાં બારબા ભોગ કરે.
રમે રમાડે જમે જમાડે મહાદેવી કલોલ કરે;

સંત પ્રતીપાળ સબ ખુશાલી જે કાળી કલ્યાણ કરે.
અંબે બહુચર તુલજા ભવાની. ૩

ભરગુ સુખ સદા દેહી સંતન ખંડો ખંડ કરે;
બ્રહ્મા, વિશ્નુ, મહિશ્વર ફળ લીયા તેરે દ્વાર ખડે.
અટલ શીંગ પર ચડી માતા શીર સુનેકા છત્ર ફીરે;
સંત પ્રતિપાળ સદા ખુશાલી જે કાળી કલ્યાણ કરે.
અંબે બહુચર તુલજા ભવાની. ૪

શનિવાર કુંભ કુંભ વરણા જળ લોકાન પર હુકમ કરે;
ખાંડા ખડક ત્રીશુલ હાથમે રકત બીજ કું ભસ્મ કરે.
સુમ ચઢકે માતા આઇ મેકાસુરકો પકડ ડળે;
બડે બડે રાખશકું પટકે ભક્ત સંતનકી વાર કરે.
સંત પ્રતિપાળ સદા ખુસાલી જે કાળી કલ્યાણ કરે;
અંબે બહુચર તુલજા ભવાની. ૫

આદીતવાર આદકી વારી જદ આપનેકા સંકટ હરે;
કોપ કર માતા ચંડ મુંડકો જાય ઉનકો સર કરે.
જબ તમ દેખો દયાળ રૂપસેં પલમેં સંકટ દુર કરે;
સંત પ્રતિપાળી સદા ખુસાલી જે કાળી કલ્યાણ કરે.
અંબે બહુચર તુલજા ભવાની. ૬

સોમવાર સુબકી વારી માતાજીનકી અરજ કબુલ કરે;
શીંગ પીઠપર ચડી ભવાની અટલ ભોવંનમેં રાજ કરે;
દર્શન પાવે મંગળ ગાવે સીદ્ધ સાધક તેરી ભેટ ધરે.

સંત પ્રતિપાળી સદા ખુસાલી જે કાળી કલ્યાણ કરે;
અંબે બહુચર તુલજા ભવાની. ૭
બ્રહ્મા વેદ પડે તેરે દ્વારે, શિવ શંકર તેરા ધ્યાન ધરે;
ઇંદ્ર કૃષ્ણ કરે આરતિ, ચમર કુબેર ઢોળાઈ રહે.
જેજે જનુની માતા ભવાની, અટલ ભવનમેં રાજ કરે;
સંત પ્રતિપાલી સદા ખુસાલી જે કાળી કલ્યાણ કરે;
અંબે બહુચર તુલજા ભવાની. ૮
દેવીદેવ તેતરીસ ક્રોડ દેવતા, નીજ પ્યાલા પીયે, નુર ઝરે;
નીરંજની નિરાકારી, અવીનાશી તેજમે તેજ મીલે.
ગોવિંદઆનંદ શક્તિ ચરણે, ધુપ ધ્યાન નિત્ય પાઠ કરે;
લખ ચોરાસી યુની જુનીમે, આવાગમનના ફેરા ટળે.
સંત પ્રતિપાળી સદા ખુસાલી, જે કાળી કલ્યાણ કરે;
અંબે બહુચર તુલજા ભવાની, મહાકાળી એ મોક્ષ કરે. ૯

સપ્ત ભોમીકાની સ્તુતિ નંબર ૫૫

ગુજરાતી ભાષાનું.

બુદ્ધે બુધ દીયો ગોવીંદા,
ઇછે મુક્તિ મીટે જગ ફંદા;
હરીકો ભજન કથા ગુરૂ સેવા,
પુજે ભકત નિરંજન દેવા,
રામ મીલનશું કરે સતસંગા,
પરથમ ભોમકા ચઢતજીતંગા,

શુક્ર જ્ઞાની જો શબ્દ ઉચારે,
તે સુની વારવાર વિચારે;
સુક્ષ્મ દ્રષ્ટ લે અરથ જોઇ,
નિત્ય નિત્ય વિવેકજ હોઇ;
પરભુસે પ્રેમ સંસ્કાર ઉહાસા.
દુજી ભોમકા હે સતવાશ્ય. ૨

શુક્ર જીતિ મન ઇંદ્રી લાવે,
નીરગુણ શીરગુણ સમાધ લગાવે;
બાહેર વૃત્તિ મીટે વિક્ષેપા,
અંતર પેઠકે આતંમ પેખા;
ભેતજી નીરખે પદ લક્ષચાંણુાં.
ત્રીજી ભોમકા બેદ લખાણુા, ૩

શનિ હુ મગન ભયો બ્રહ્મ માંહી,
ઓર સંગ કંઈ ભાવત નહિં;
એક અદવૈત અખંડ સુખ પાયા.
સપન સહીત સબ દુહીત વીલાયા;
તમપદ નામ ભયો સંકુતા.
ચોથી ભોમકા જીવન્ મુક્તા. ૪

આદીત અનુભવ બરગ ઉજાલા,
નામ લીન ભયો સુન તારા;
સત ચીત આનંદ રહ્યો સમાઇ,

ઓર દેહે ગુણુ ઉક્ત નહિં;
ગ્યાન બોધકા આર ન્યાપારા,
પાંચમી ભોમકા હે નીરખારા. ૫

સોમ નીર્મળ જયુ કરે પ્રકાશા,
ત્યું નીરંજનમેં હોત નિવાસા;
સુક્ષમ સુખ શશોપતિ માંહી,
બિન જગ્યા જગત નહીં.
જી-તે દેખુ તી-તે બ્રહ્મ દેખું,
છઠી ભોમકા વિશ્નું પેખું. ૬

મંગળ રૂપ હો રહ્યો સોઈ,
આપે બ્રહ્મ દુજો નહિં કોઈ;
તુરીયા અતીત સ્વરૂપ કહાવે,
ઘે ધાતા કોઇ દ્રષ્ટી નહીં આવે;
સુદન દેહી સંકલ્પ વિસારે,
મંદિર અંગ જથા મતિ વારે;
બ્રહ્માનંદ ભયો રસ ભોગી,
દેહ અભિમાની રહી સંજોગી. ૭

ભાવે કોઈ જન ભોજન લાવે,
ભાવે કોઇ જન અમર ઉડાવે;
પ્રારબ્ધ જોગ રહે વાપુ એસે
દેખન માતર ખટપટ જેસે;

કોઇ દિન શરીર ફૂરે કચંદા,
જ્યું ભુજંગ કચુકા સંભંધા;
સપ્ત ભોમકા ભાણુ પરકાશા;
ગોવીંદ આનંદ ગુરૂ ચરણુકી આશા. ૮

ભજન ૫૬ ગુજરાતી ભાષાનું.

(ભગવાનનો થાળ.)

રૂડી રાંધી રસીયાજી ખાંતે ખીચડીરે રૂડી રાંધી ટેક.
ત્રીવેદી તાપે ઉભરો આવ્યો,
જરણાં ઢાંકણુ માંહી સમાયો;
અદબદ ખદબદ મટીગઇ,
દમ દોરીએ સીજી ખીચડીરે.
રૂડી રાંધી રસીઆજી ખાંતે ખીચડીરે. રૂડી રાંધી. ૧
ચીત ચોખાદાલ જતન કરી જોયા,
ગંગા તીરે નીરે ધોયા;
મધુરાં મધુરાં તાપે માંખણુ ખીચડીરે.
રૂડી રાંધી રસીયાજી ખાંતે ખીચડીરે. રૂઠી રાંધી. ૨
ઘી ઘણું જમો રંગ ભીના,
અથાણું પાપડ અલએલા,
ચુક ચોળાની ચતુરાઇએ,
વધારી વડાઇરે.
રૂડી રાંધી રસીયાજી ખાંતે ખીચડીરે. રૂડી રાંધી. ૩

દુધ કઢયાં લઈ આગળ ધર્યાં,
ખટરસ મુકી દહીં જમાયા;
ભાવે ભૂદરના સારૂ તો મેં કઢી કરીરે,
રૂડી રાંધી રસિયાજી ખાંતે ખીચડીરે. રૂડી રાંધી. ૪
મેવા મીઠાઇને જલેબી,
સુતરફેણી છે રંગ ભીની;
ભાવે ભૂદરના સારૂ તો મેં પુરી કરીરે,
રૂડી રાંધી રસીઆજી ખાંતે ખીચઢીરે. રૂડી રાંધી: ૫
બતરીસ તેત્રીસ રસોઇઓ સીધી,
નીરમળ નીરે તૈયાર કીધી;
મોહન મુખવાસના સારૂ તો મેં બીડો કરીરે,
રૂડી રાંધી રસિયાજી ખાંતે, ખીચડીરે. રૂડી રાંધી. ૬
અણુકુટ ઓછવ આણંદ આયો,
દર્શન દેખી મહાસુખ પાયો;
મોહન જમાડી રમાડી હું તો મહોલે ખડીરે;
રૂડી રાંધી રસિયાજી ખાંતે ખીચડીરે. રૂડી રાંધી. ૭
કહે ગોવિંદ આનંદ હું બલીહારી,
સેવા માની લ્યો ગીરધારી;
મોહન માનીતી મુર્તી તો.
મારે મહોલે ચડીરે,
રૂડી રાંધી રસિયાજી ખાંતે ખીચઢીરે. રૂડી રાંધી. ૮

ભજન ૫૭ મું. (ગુજરાતી ભાષાનું.)

(દશ અવતારની આરતી.)

ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા.
માતા જસોદા કુંવર કાન ઘેર આવ્યા;
મોતીડાનો થાળ ભરીને, ચોખલીએ વધાવ્યા. ટેક.
હરખને હુલામણે, સામળીયો ઘેર આવ્યા.
આઇ:ધાઇને ધનવંતો આવ્યા,વેદ ભણીને સુખમણા લાવ્યા;
જળ મે નારી પરણી આવ્યા, જેજેકાર વરતાવ્યા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૧
કૈરવ રૂપે કરણી કીધી, બાધી પૃથ્વી પુઠે લીધી,
નાગ નેતરાં નરદ કરીને, ચૌદ રત્ન ઘેર લાવ્યા;
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૨
આઇ: કાણાને કુબેરો કીધો, વધીને બ્રહ્માંડ ગયા;
વામન નાનું રૂપ ધરીને, બળ રાજા બોલાવ્યા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૩
આઇ: નરસીંગ રાયનું રૂપ ધરીને, હાથનાએ નખ વધેરી,
હાથે હરણાકશને મારી, પ્રહેલાદની પ્રથમા પાળી;
અગન મેં ઉગાર્યા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૪
આઇ: ભગત જનના ફેરાટાળી, હું બલીહારી તુ પરવારી.
બુડતી પૃથ્વી પલમેં તારી, ઘેરા રૂપ ધરાયા;
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા, ૫


આઈઃ ફરસરામની ફરસી ફેરી શીશા વનમેં અરજણ મારી,
ગાયંત્રીની વાર કરીને, જગજીવન ઉગાર્યા;
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૬
આઈઃ સાતમે તો સાહેર કીધી, પાણી ઉપર પાજ બાંધી;
લક્ષ પતિનું રાજ રોળી સરવણ ગઢના કોટા મોડી.
મેઘનાથના કુવર વરૂંધી, દશરથ ઘેર એ રામ છેજે,
સીતા વાળી ઘેર લાવ્યા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૭
આઈઃ આઠમે તો આળસ કીધી, સરવણ ગેડી કરમેં લીધી,
શેશ નાગના, ફોડ મોડી, કમળા ભારો લાવ્યા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા. ૮
આઇઃ નવમે બુદ્ધા અવતાર આવ્યા, સરવે ધામ નાહ્યા,
જળમાં બેસી પોતે નાહ્યા, ભક્તોને નવરાવ્યા;
ઉતારોને આરતો ગોવાળો ઘેર આવ્યા. ૯
આઇઃ દશમે નકળંગ આવ્યસ. અકળ કળાનું રૂપ લાવ્યા,
મહેતાજીએ ગુણલા ગાયા, ગોવીંદ આનંદને સામા મળીયા;
સફળ ફેરા ફળીયા.
ઉતારોને આરતી ગોવાળો ઘેર આવ્યા;
માતા જસોદા કુંવર કાન ઘેર આવ્યા.
મોતીડાંનો થાળ ભરીને ચોખલીયે વધાવ્યા.

જે માણસ પરમાત્માનાં સમરણ ભજનથી તરે છે, તે પુરૂષ પોતાના એકોતર પરીયાને તારે છે.

ભજન ૫૮ મું.

કવીત.

ગુરૂ ભીમથી જે પ્રગટયો, હરી માત તાત જે રંગ;
જીબા જુકતી જોઇ વળી, અજબ બાજીકો રંગ;
માતાજીથી જે પ્રગટયો, હીરા લાલ રામ ગુલાબ.
મોંઘી વસ્તુ જીતા કુમળા, રણજીત રણુ છોડાવીયો,
રણછોડ રાયે કીરપા કરી, પરગટ દર્શન પામીઓ;
ગુરૂ ભજનનો મોટો મહિમા, એકોતેર પરીયા તારીઆ.
ગોવીંદ આનંદ ગુરૂ ચરણે, એ તેજમાં તેજ સમાવીયા.



આ ચોપડીમાં વેદની પ્રકરીઆઓ અરથ સમેત લખી છે તે જાણવી નીચે મુજબઃ—

સ.—ચાર અનુંબંધ કોને કહીએ તેનાં નામ.

જ.—(૧) અધિકારી (૨) વિષે (૩) સંબંધ (૪) પ્રયોજન.

સ.—અધીકારી એટલે શું?

જ.—જેનામાં ચાર સાધન હોય તે.

સ.—ચાર સાધન તે કયા?

જ.—(૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) ખટ સંપતિ (૪) મુમુક્ષતા.

સ.—ખટ સંપતિમાં છ ભેદ છે તેનાં નામ.

જ.—(૧) સમ (૨) દમ (૩) ઉત્પતી ઉપરામ (૪) તતીક્ષણુ (૫) શ્રદ્ધા (૬) સમાધાન–ઉપરનાં છ મળીને ખટ સંપત્તિ થાય છે.

સ.—વિવેક એટલે શું?

જ.—સત, અસતને જાણું તે.

સ.—વૈરાગ્ય એટલે શું?

જ.—આ લોકના તથા પરલોકના સુખનો ત્યાગ કરે તે.

સ.—વિષે એટલે શું?

જ.—જીવ ઇશ્વરની એકતા કરે તે.

સ.—સંબંધ એટલે શું?

જ.—(૧) પ્રતિપાદક, (૨) પ્રતીપાદ્ય.

સ.—પ્રતિપાદક કોને કહેવો?

જ.—કથન કરવા વાળો.

સ.—પ્રતીપાદય કોને કહીએ?

જ.—કથન કરવા યોગ્ય.

સ.—પ્રયોજન એટલે શું?

જ.—સર્વ દુઃખની નિવૃતી અને પરમ આનંદની પ્રાપ્તી.

સ.—ઓહંકારના ચાર પદ છે તે કયા?

જ.—(૧) અકાર. (૨) ઉકાર. (૩) મકાર (૪) અર્ધ માત્રા.

સ.—પરમાત્માના ચાર પદના નામ.

જ.—(૧) વૈરાગ્ય (૨) હીરણ્ય ગર્ભ (૩) આવ્ય કૃત (૪) ઇશ્વર. તત પદનો લક્ષ ઇશ્વર સાક્ષી બ્રહ્મ ચૈતન્ય.

સ.—આત્માના ચાર પદના નામ.

જ.—(૧) વિશ્વ અભિમાની (૨) તેજશ અભિમાની (૩) પ્રાજ્ઞ અભિમાની (૪) ત્વં પદનો લક્ષ જીવ સાક્ષી કુટસ્થ આંત્મા.

સ.—છીપમાં ત્રણ અંસ છે તેનાં નામ.

જ.—(૧) સામાન્ય (૨) વિશેષ (૩) કલ્પિત. છીપ એ

સામાન્ય અંસ છે અને છીપ નીલપૃસ્ટ ત્રીકોણી એ વિશેષ અંશ છે. અને વેગળેથી છીંપમાં રૂપું ભાસે છે તે કલ્પિત અંશ છે.

સ.—હવે તેમ અવિદ્યા ઉપાધીથી આત્મામાં ત્રણ અંશ છે. તે કયા?

જ.—૧ સામાન્ય. ૨ વિશેષ. ૩ કલ્પિત.

સ.—સામાન્ય અંશ એટલે શું?

જ.—આત્મામાં છે પણું તથા અસ્તીપણું એ સામાન્ય અંશછે.

સ.—વિશેષ અંશ એટલે શું?

જ.—અખંડ-અજર ને અમર એ આત્મામાં વિશેષ અંશ છે

સ.—કલ્પિત અંશ તે શું?

જ.—જાગૃત, સ્વપ્ન, સસોપતી; એ ત્રણ આત્મામાં કલ્પિત છે.

સ.—પાંચ પ્રકારની ભ્રાંન્તી છે તેનાં નામ?

જ.—૧ ભેદ ભ્રાંન્તી. ૨ કર્તા ભુક્તાની ભ્રાંન્તી. ૩ સંગ ભ્રાંન્તી. ૪ વિકાર ભ્રાંન્તી. ૫ બ્રહ્મથી ભીન્ન જગતની સત્યની ભ્રાંન્તી.

સ.—પાંચ ભ્રાંન્તીની વૃત્તીનાં નામ.

જ.—(૧) બીંબ પ્રતિ બીંબના દ્રષ્ટાંતથી ભેદ ભ્રાંતીની નિ-વૃત્તિ થાય છે. (૨) સ્ફાટીકને વીશે લાલવસ્તર લાલ રંગની પ્રતીતીના દ્રષ્ટાંતથી કર્તા ભોગ્તાની ભ્રાંન્તીની નિવૃતી થાય છે (૩) ઘટ આકાશ આકાશના દ્રષ્ટાંતથી સંગ ભ્રાંન્તીની નીવૃતી થાય છે.

સ.—રજ્જુ સરપ એટલે શું ?

જ.—રજ્જુ વિષે કલ્પિત સર્પના દ્રષ્ટાંતથી વિકાર ભ્રાન્તિની નિવૃત્તી થાયછે. હવે કનક વીષે કુંડળના દ્રષ્ટાંતથી વિકાર ભ્રમથી ભીન જગતની સત્તાની ભ્રાંન્તીની નીવૃતી થાય છે અધીયાસ બે પ્રકારના છે તેનાં નામ. (૧) જ્ઞાન અધીયાસ. (૨) અર્થ અધીયાસ. હવે અરથ અધીયાસમેં છ પરકારના ભેદ છે (૧) સંબંધ સહીત સંબંધીનો અધીયાસ (૨) ધરમ સહીત ધર્મીનો અધીયાસ (૩) અન્યોઅન્ય અધીયાસ (૪) અંત્ર અધીયાસ (૫) સંસર્ગ અધીયાસ. (૬) અર્થ અધી-યાસ. એ ઉપર છ ભેદ લખ્યા છે તે જાણુવા.

સ.—હવે પુરૂષાર્થ કોને કહીએ ?

જ.—સર્વ મનુષ્ય જેની ઇચ્છા કરે છે તે.

સ.—બ્રહ્મ જ્ઞાન કોને કહીએ ?

જ.—અપરોક્ષના બે ભેદ છે (૧) બ્રીય ચેતન. (૨) પ્રેમ અગત્ત સંસર્ગ.

સ.—હવે દ્રઢ અપ્રોક્ષ જ્ઞાન કોને કહીએ?

જ.—જ્ઞાનનાં આવરણ બે પ્રકારનાં છે (૧) અસત્વા પાદક આવરણ એ બ્રહ્મ નથી. અને અભાંના પાદક આવરણ એ મલીન થતું નથી. છે ખરૂં પણ દેખાતું નથી. સુદ્ધ બ્રહ્મ માયા, ઇશ્વર, ને જીવ તેમનો ભેદ તથા સંબંધ અનાદી શાંત છે.

સ.—હવે બ્રહ્મ અનાદી અંત છે એ પાંચ અનાદી અંત છે ને પાંચ અંનાદી શાંન્ત છે હવે સુદ્ધ તત્વમાયા મલીન સત્વ અવિધા અને તમો પ્રધાન પ્રકૃતિ.

જ.—સુદ્ધ તત્વ માયા અને માયાના વીસે ચેતનનો પ્રતિબીંબ તેનો અધીષ્ટાન ચેતનબીંબ એ ત્રણે મળીને ઈશ્વર કહેવાય છે.

હવે મલીન, અવિદ્યામાં ચૈતનનો પ્રતિબીંબ અને અધીષ્ટાન ચૈતન્ય બીંબ એ ત્રણે મળીને જીવ કહેવાય.

હવે સુદ્ધ સત્વ કોને કહીએ. રજો ગુણ. તમો ગુણ

કરીને જે સત્વ ગુણુ દબાય નહિં. કીંતુ રજો ગુણુ તમો ગુણુને જે સત્વ ગુણુ દાબે તેને શુદ્ધ સત્વ કહીએ.

હવે મલીન સત્વ કોને કહીએ. રજો ગુણુ, તમો ગુણુ મળીને સત્વ ગુણુને દાબે તેને મલીન સત્વ કહીએ.

અજ્ઞાન તતકારી, દ્રષ્ટી પદાર્થ જણાય છે તેનું નામ અવસ્તુ કહેવાય.

હવે વસ્તુ કોને કહીએ.

સત ચીત આનંદ રૂપ એ વસ્તુ કહેવાય અને નામ જાતી

અસંભવ, વરણુ, સંબંધ, યોજન, જન્મ, મરણુ, એ આત્મામે નથિ. આત્મા નવિકારી છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ. એ ત્રણુ અવસ્થા અને ભુત, ભવિષ્ય, અને વર્તમાન. એ ત્રણુ કાળ ને આત્મા છે. તેનું નામ " સત " કહેવાય છે. અને જાગ્રત આદી અવસ્થાને જાણે છે. તેનું નામ "ચિત્ત" કહેવાય. અને સદાકાળ આત્મા પરંપરાનો આ સંપદ રૂપ છે. માટે " આનંદ " કહેવાય છે. તેથી સતરૂપ ચિત્તરૂપ આનંદ રૂપ આત્મા છે. વાસ્તવિક, પરીપૂર્ણ સામાન્ય જ્ઞાનરૂપ, અને બ્રહ્મ સ્વરૂપને સ્થિતિ વૃત્તિ કરવી એજ " મોક્ષ " હવે સાક્ષાત્ સંબંધનું નામ શકિત

વૃત્તિ કહીએ. અને પરંપરા સંબંધનું નામ લક્ષણા વૃત્તિ કહીએ. હવે શબ્દ વિષે અર્થમાં જ્ઞાન કરવાની જે સમરથી સો શકતી વૃત્તિ કહીએ. અને શકિત વૃત્તિથી જાણેલોજે અર્થ. તે અર્થ દ્વારા અર્થની સાથે પરંપરા સંબંધનું નામ લક્ષણા વૃત્તિ કહીએ. અને શકિત વૃત્તિથી જે અર્થ જાણીએ તે શબ્દનું નામ વાચ્ય અર્થ કહીએ. અને લક્ષણા વૃત્તિ કરીને જાણીએ તે શબ્દનું નામ લક્ષઅર્થ કહીએ. હવે લ-ક્ષણા વૃત્તિ કેટલા પ્રકારની છે તેના નામ ૧ જહદ લક્ષણા વૃત્તિ ૨ અજહદ વક્ષણા વૃત્તિ. ૩ ભાગ્ય ત્યાગ્ય લક્ષણા વૃત્તિ એ ત્રણ પ્રકારની છે. હવે જ્યાં સંપૂર્ણ વાચ્ય અર્થનો ત્યાગ કરીને વાચ્ય અર્થના સંબંધીનો ગ્રહણ કરીએ તેને જહદ લક્ષણા વૃત્તિ કહીએ હવે જ્યાં વાચ્ય અર્થનો ત્યાગ કરીને તેના સંબંધીનો ગ્રહણ કરીએ. તેને અજહદ લક્ષણા વૃત્તિ કહીએ.

અને જ્યાં વિરોધી વાચ્ય ભાગ્યનો ત્યાગ કરીને તેના સંબંધી અવિરોધી કાંઇક વાચ્ય ભાગનો ગ્રહણ થાય તેનું નામ ભાગ્ય ત્યાગ લક્ષણા કહીએ. હવે જહદ લક્ષણાનું ઉદાહરણ શું ?—गंगा यं गोसः એટલે ગંગાની અંદર ગૌનો વાડો ન હોય ગંગાની તીરે હોય તે અર્થ લેવો.

હવે અજહદ લક્ષણાનું ઉદાહરણ શું ! सोणधावति તેનો અર્થ લાલઘોડો દોડે છે.

હવે ભાગ્ય ત્યાગ લક્ષણાનું ઉદાહરણ શું ? સોઽયં દેવદત્ત તેનો અર્થ હું પોતે દેવદત્ત છું.

હવે તત્વમસી મહાવાકયને તત્‌પદ અને તમ્‌પદ મે જહદલક્ષણા તથા અજહદ લક્ષણા બને નહીં વિશેષ રહે તે ભાગ્ય ત્યાગ્ય લક્ષણા કહેવાય. હવે અાવ્યકૃત જે માયા તે ઈશ્વરનો દેશ છે. અને ઉત્પત્તિ, સ્થિતિ, ને પ્રલય એ ત્રણ ઈશ્વરના કાળ છે. હવે સત્વગુણ, રજોગુણ, તમોગુણ, એ ત્રણ ઈશ્વરની વસ્તુ છે. અને ભોગની સામગ્રી છે. હવે વૈરાટ હિરણ્ય ગર્ભને આવ્યકૃત એ ત્રણ ઇશ્વરના શરીર છે. વિશ્વનર સુત્ર આત્મા અને અંતરર્યામી એ ત્રણ ઈશ્વરના અભીમાની છે. ઇશ્વર કહે છે–હું એક છું ને ઘણા રૂપ ધારણ કરૂં છું. એવી જે ઈચ્છા તેને આદી લઇને જીવરૂપ કરી પ્રવેશ કર્યો. યા પર્યન્ત સૃષ્ટિ છે. તે ઈશ્વરનું કાર્ય છે ઈશ્વર કારણ છે. હવે ઈશ્વરના આઠ ધર્મ છે. તેના નામ ૧ સર્વ શક્તિવાન, ૨ સર્વજ્ઞપાણું, ૩ વ્યાપીકપાણું, ૪ એકપણું, ૫ સ્વાધીનપાણું, ૬ સામર્થ્યપણું, ૭ પરોક્ષપાણુ, ૮ માયા ઉપાધીવાનપાણું. એ આઠ ઇશ્વરના ધર્મ છે. એ સર્વ સહિત જે માયા કહેવાય તે માયાના વિશે ચિદાભાષ તેનો અધિષ્ટાન બ્રહ્મ એ સર્વ મળીને ઇશ્વર કહીએ. તે તત્‌પદનો વાચ્ય અર્થ છે. એ સર્વે સહિત માયા એ ચિદાભાષનો ત્યાગ

કરીને એ વિશેષ રહ્યા જે વૈરાટ, હિરણ્યગર્ભ, અને આવ્ય કૃતનો અધિષ્ટાન, ઇશ્વર સાક્ષી શુદ્ધ બ્રહ્મ એ લક્ષા અર્થ.

હવે બ્રહ્મ અને માયાને વીશે પ્રતિબીંબ ઇશ્વરનો પરસ્પર અન્યોઅન્ય અધ્યાસ કેવી રીતે છે. અવિચાર દૃષ્ટિથી બ્રહ્મનું જે સત્ય પણું છે તે ઇશ્વરના વિશે બ્રહ્મની સત્યતાનો સંસર્ગ સંબંધ અધ્યાસ છે તેનું નામ કલ્પીત છે. અને ઇશ્વર સત્ય પ્રતિત થાય છે. તે ઇશ્વરને ઈશ્વરની કારણતા બ્રહ્મમે અધ્યાસ છે. એને અનુવાદ ટટક્ષ લક્ષણા બોધક શ્રુતિ, પુરાણ અને આચાર્યોના વચન પ્રમાણ છે. એ અધ્યાસની નીવૃતિ વિવેક જ્ઞાનથી નીવૃત્તિ થાય છે. હવે ચક્ષુ, કંઠ, હૃદય એ ત્રણ જીવના દેશ છે. જાગૃત, સ્વપ્ન, ને સુષુપ્તિ એ ત્રણે જીવના કાળ છે. સ્થુલ, સુક્ષ્મ, ને કારણ, એ ત્રણે જીવની વસ્તુ ભોગની સામગ્રી છે. વીશ્વ અભીમાની તેજસ અભીમાની ને પ્રાજ્ઞ અભીમાની એ ત્રણે જીવના અભીમાની છે. જાગ્રતથી આદી લઇને મોક્ષ પર્યન્ત ભોગરૂપી સંસાર એ જીવનું કાર્ય છે. અને જીવકારણ છે. હવે આઠ જીવના ધર્મ છે. તેના નામ. ૧ અલ્પ શક્તિપણું ૨ અલ્પજ્ઞપણું ૩ પ્રાચીન પણું. ૪ અજ્ઞાનપણું ૫ પરાધીનપણું. ૬ અસામર્થ્યપણું ૭ અપરોક્ષપણું. ૮ અવિદ્યા ઉપાધીનપણું એ આઠ જીવના ધર્મ છે એ સર્વ સહિત જે અવિદ્યા તેને વીશે પ્રતિબીંબ રૂપ ચિદા ભાસ

તેનો અધિષ્ઠાન કુટસ્થ એ સર્વ મળીને જીવ કહીએ. સો જીવ તમ્પદનો વાચ્ય અર્થ કહીએ. એ સર્વ ચિદાભાસ ભાગ્ય ત્યાગ્ય કરીને અવિશેષ રહયો. જે સ્થુલ, સુક્ષ્મ, ને કારણુ, શરીરનો અધિષ્ઠાન જીવ સાક્ષી કુટસ્થ આત્મા તે તમ્પદનો લક્ષા અર્થ છે. આ કુટસ્થ અને બુદ્ધિમે પ્રતિબીંબરૂપ જીવનો પરસ્પર અધ્યાય કેવી રીતે થયો.

અવિચાર દ્રષ્ટિથી કુટસ્થની સત્યતાનો સંસર્ગ કહીએ. સંબંધ માટે જીવમાં અધ્યાસ સત્ય છે? જીવ મીથ્યા પ્રતિત થાય નહીં, પરંતુ સત્ય પ્રતિત થાય છે ? જીવને જીવના ધર્મ કર્તાપણાથી આદીક ધરમનો સ્વરૂપ કુટસ્થને અધ્યાસ છે, માટે કુટસ્થ અકર્તા છે, અભુકતા છે, સંસારી છે, નિત્ય મુક્ત છે. માટે અસંગ બ્રહ્મરૂપ પતિત થાય નહીં કિંતુ તેથી વિપરીત પ્રતિંત થાય. એવી રીતે કુટસ્થ અને જીવનો પરસ્પરસ અધ્યાસ છે. હવે તત્પદ અને તમ્પદનો લક્ષા અર્થની એકતા વિશે દૃષ્ટાંત શું છે? ઘટમઠ ઉપાધીસહીત ઘટાકાશ, અને મઠાકાશની એકતાનો વિરોધ છે. તથાપી ઘટમઠ ઉપાધી દ્રષ્ટિ મુકીને કેવળ આકાશની એકતાનો વીરોધ નથી. કાચની હાંડી અને માટીની હાંડી બે હાંડીઓમાં દીપક બળતા હોય તે બે હાંડીઓનો વીરોધ છે પણ બે દીપકની એક્તાનો વીરોધ નથી. રાજાને રબારી હોય તેની સેના અને અજા બકરીની એકતાનો વીરોધ છે. પણ મનુ-

આ એકતાનો વીરોધ નથી. જેમ ગંગાજળ નદીનો પ્રવાહ અને ગંગાજળનો કળશ. તેમાં નદીને કળશનો વીરોધ છે, પણ ગંગાજળની એકતાનો વીરોધ નથી. જેમ સાગરને જળનું બીંદુ હોય તેમાં બીદું સાગરનો વીરોધ છે, પણ જળનો વીરોધ નથી. જેમ કોઇ પુરૂષને પીતાને પુત્ર હોય અને પરપીતાને પૌત્ર હોય તેમાં પીતા પુત્રની એકતાનો વીરોધ છે, પણ મનુષ્ય એકતાનો વીરોધ નથી. હવે સર્વ જ્ઞાનીનો નિશ્ચય તો એક છે. પરંતુ સ્થીતિનો ભેદ શા માટે સર્વે જ્ઞાનીની સ્થીતિનો ભેદ જ્ઞાન ભોમકાના ભેદથી છે .હવે જ્ઞાનની ભોમકા કેટલા પ્રકારની છે? જ્ઞાનની ભોમકા સાત પ્રકારની છે તેના નામ.

૧ શુભઇચ્છા ૨ સુવિચારણા ૩ તન મનસા. ૪ સત્વાપતી ૫ અસંગ શકતીવાન. ૬ પદારથા ભાવની ૭ તુર્યા એ સાત જ્ઞાનની ભોમકા છે. હવે શુભ ઇચ્છા એટલે સારૂં કામ કરવાની ઇચ્છા. સુવીચારણા એટલે સારા વિચાર કરવા. તનમનસા એટલે નીત્ય અભ્યાસ કરવો. સત્વાપતી એટલે સત્વની પ્રતિતી. અસંગ શકતીવાન એટલે પદાર્થમાં અપ્રતિતી. પદાર્થ ભાવની એટલે પદારથની વિશેષ પ્રતિતી ન થાય. હવે તુર્યા એટલે સર્વે પ્રતિતીનો અભાવ ને આતમભાવ એ તુર્યા કહેવાય એ સાત ભોમકા છે. હવે પુરૂષાર્થ કોને કહીએ?

ધર્મ, અર્થ, ને કામ, એ ત્રણ ગુણ અર્થ છે. અને મોક્ષ તો ગુણી અર્થ છે. હવે ઉપોદ્ઘાત કોને કહીએ ? વાંછીત અર્થ મનમાં રાખીને અન્ય અર્થનું કથન કરવું તેનું નામ ઉપોદ્ઘાત છે. હવે મોક્ષતો જ્ઞાનથી થાય છે, કર્મ ઉપાસનાથી નહીં. કર્મ ઉપાસનાથી તો મળવિક્ષેપ ઉપાધીની નીવૃતિ થાય છે. હવે જ્ઞાન બે પ્રકારનું છે. એકતો પરોક્ષ, બીજું અપરોક્ષ. હવે કારણ એટલે સંપૂર્ણ કાર્યનું સાધન. અસાધારણ કારણ એનું નામ મન. દાન્તી એટલે શું ? દમન. શીળ ઈન્દ્રીઓ વશ કરવી. અધમ એટલે છળ કરનાર. સુચીત એટલે સારા ચીતવાળો. અને વિનયપૂર્વક એટલે વખાણ કરવા લાયક. જ્ઞાત એટલે બ્રહ્મ. અજ્ઞાત એટલે માયા. મુદીતા એટલે આપણથી અધીક હોય તેને ગુરૂભાવે જાણવો. હવે મીત્રાઈ એટલે બરાબરીના. કરણાદ્રષ્ટિ એટલે બાળકને શુદ્ધ ઉપદેશ આપવો. ખળ બુદ્ધિ વાળા પુરૂષનો સંગ નહીં કરવો.

હવે બ્રહ્મ—બે પ્રકારના છે.

૧ સુપાદીક બ્રહ્મ, ૨ નીરઉપાદીક બ્રહ્મ. હવે વૃત્તિ બહારની વસ્તુને વિષે કરેછે. પણ આંખમાં કાજળ હોય તેને વિશે કરી શકતી નથી. અને અગ્નીથી ઉનું લોઢું દાહ થાય છે, પણ લોઢું ઉનું થયેલું અગ્નીને દાહ કરી શકતું નથી.

હવે પરોક્ષ જ્ઞાનનું સ્વરૂપ શું ? સચ્ચિદાનંદ જો સ્વ-

રૂપ છે એવું જે જાણવું તે પરોક્ષ જ્ઞાન છે. હવે પરોક્ષ જ્ઞાનનું હેતું શું? એટલે કેનાથી પરોક્ષ જ્ઞાન થાય છે? સદ્ગુરૂને સતસંગ, ને સતશાસ્ત્રના વચનને વિશે વીશ્વાસ રાખવાથી પરોક્ષ જ્ઞાન થાય છે. હવે પરોક્ષ જ્ઞાનનું ફળ શું? એટલે અસત્વા પાદક આવરણની નીવૃત્તિ. હવે પરોક્ષ જ્ઞાનની અવધી શું? એટલે પરોક્ષ જ્ઞાન ક્યારે પુરૂં થાય છે. પરોક્ષ જ્ઞાન, બ્રહ્મ, નીષ્ટા, ગુરૂ અને વેદ શાસ્ત્રના અનુસાર બ્રહ્મ સ્વરૂપ નિશ્ચય કરવાથી પૂર્ણ થાય છે. હવે અદ્દઢ અપરોક્ષ જ્ઞાનનું સ્વરૂપ શું? અસંભાવના અને વિપરીત ભાવના સહીત બ્રહ્મ આત્માની એકતા નીશ્ચય થાય તો અદ્રઢ અપરોક્ષ જ્ઞાન કહેવાય. હવે અદ્રઢ અપરોક્ષ જ્ઞાનનું હેતુ શું? એટલે કેનાથી અદ્રઢ અપરોક્ષ જ્ઞાન થાય છે. જીવ, બ્રહ્મનો ભેદ સત્ય છે, અથવા દેહાદીક પ્રપંચ સત્ય છે, એવી જે વીપરીત ભાવના થાય તેને વીપરીત ભાવના કહીએ. અને વેદાંત વીશે, જે બ્રહ્મનો ભેદ પ્રતિપાદન કર્યો અથવા અભેદ પ્રતિપાદન કર્યો તે પરમાણ ગત સંશય કહીએ. હવે જીવ બ્રહ્મનો ભેદ સત્ય છે, અથવા અભેદ સત્ય છે, તેને પ્રેમગત સંક્ષય કહીએ. હવે કદી મળ વિક્ષેપ થાય તો શ્રુતિ નાના ત-ત્વનો જ્ઞાન અને બ્રહ્મની અધવઈતા અસંભાવનાનું જ્ઞાન કદાપી પામર પુરૂષના સંગથી સંસ્કારથી થાય તો ફરી એને બ્રહ્મ વેત્તા ગુરૂ મળે. તેમના સંગથી

તેમના મુખથી મહાવાક્ય શ્રવણ થાય તો એને અપરોક્ષ જ્ઞાન અદ્દઢ અપરોક્ષ થાય છે. હવે અદ્રઢ અપરોક્ષ જ્ઞાનનું ફળ શું ! એટલે અદ્રઢ અપરોક્ષ બ્રહ્મ જ્ઞાનથી ઉત્તમ લોકની પ્રાપ્તિ અને પવીત્ર મનુષ્યમાં જન્મ થાય છે. અને નીષ્કામથી જ્ઞાની પુરૂષના કુળમાં જન્મ થાય છે. એ અદ્રઢ અપરોક્ષ જ્ઞાનનું ફળ કહેવાય છે. હવે અદ્રઢ અપરોક્ષ જ્ઞાનની અવધી શું ? એટલે અદ્રઢ અપરોક્ષ જ્ઞાન કયારે પુરૂં થાય છે. સત્‌ચિત્‌ આનંદ અધીક વિશેષણથી અપરોક્ષ ભાન થાય. સંશય અને વિપરીત ભાવનાનો સતભાવ થાય, ત્યારે અદ્રઢ અપરોક્ષ જ્ઞાન પુરૂં થાય છે. હવે દ્રઢ અપરોક્ષ જ્ઞાનનું સ્વરૂપ બતાવો ? એટલે અસંભાવનાને વીપરીત ભાવના રહીત જો પરમાત્માની એકતા નીશ્ચય થાય તો દ્રઢ અપરોક્ષ જ્ઞાન કહેવાય. હવે દ્રઢ અપરોક્ષ જ્ઞાનનું હેતુ શું ? એટલે દ્રઢ અપરોક્ષ જ્ઞાન કોનાથી થાય છે. શ્રવણ, મનન, નિત્ય અભ્યાસ ગુરૂ મુખ કરવાથી દ્રઢ અપરોક્ષ જ્ઞાન થાય છે. હવે દ્રઢ અપરોક્ષ જ્ઞાનનું ફળ શું ? અભાના પાદક આવરણ અને વીક્ષેપરૂપ ક્રીયા સહીત અવીદ્યા કહીએ તે જ્ઞાનની નિવૃત્તિ અને બ્રહ્માનંદની પ્રાપ્તિ, એ દ્રઢ અપરોક્ષ જ્ઞાનનું ફળ કહેવાય. હવે દ્રઢ અપરોક્ષ જ્ઞાનની અવધી શું ? એટલે ક્યારે પુરૂં થાય છે. દેહ વીશે અહંપણાના જ્ઞાનની ન્યાય એ જ્ઞાનના અધીકારી બ્રહ્મથી અભીન્ન આત્મા વીશે જ્ઞાન

થાય ત્યારે દ્રઢ અપરોક્ષ જ્ઞાન પુરૂં થાય છે. હવે વીચાર એટલે શું? વીચારનું સ્વરૂપ બતાવો. આત્મા અને અનાત્માને ભીન્ન કરી જાણો તો વીચાર કહીએ. હવે વીચારનો હેતુ શું? એટલે કેનાથી થાય છે? એ વીચાર, ઇશ્વિર વેદ, ગુરૂ, ને આપણા અંતઃકરણ, એ ચારથી થાય છે. તે વીચારનું ફળ શું? એ વીચારથી દ્રઢ અપરોક્ષ જ્ઞાન પૂરણ થાય છે. હવે વીચાર કોનો કરવો, હું કોણ છું, અને બ્રહ્મ કોણ છે, ને આ પ્રપંચ કોણ છે એ ત્રણનો વીચાર કરવો. એ ત્રણનું સાધારણ રૂપ શું છે? હું ને બ્રહ્મ ચૈતન્ય છું. ચૈતન્ય એટલે શું? જ્ઞાન રૂપ છે. સર્વે ઘટાદી પ્રપંચને જાણેછે અને જેને કોઇ અન્ય મન ઇન્દ્રીઓ જાણી શકતી નથી તે ચૈતન્ય છે. જડ એટલે શું? જડ જડને ન જાણે અને બીજાને પણ ન જાણે એ જડ કહેવાય. હવે જડ એવું જે જ્ઞાન તેના કાર્ય ભુત ભાકતીક તે સર્વે જડ છે. હવે ઉપર કહેલી ત્રણ વસ્તુનો વીચારનો ઉપયોગ શો છે? એ વીચારના ઉપયોગનો ઉત્તર ત-ત્વમસી મહાવાક્યમાં સ્થિતિ કરવી. તમ્પદ્ અને તત્પદનો વાચ્ય અર્થ શો? જીવને ઇશ્વિરની ઉપાધી રૂપ જે પ્રપંચ છે તેને જવરીમે સરપની ન્યાય જાણો. અને ઠુંઠામે પુરૂ-ષની ન્યાય જાણો. અને મેરૂ ભોમીમેં મૃગજળની ન્યાય જાણો એવી રીતે વીચાર કરીને સર્વે મીથ્યા જાણો. એ મીથ્યા જાણીને ત્યાગ કરયો એ પ્રપંચના વીચારનો ઉપયોગ કહેવાય.

હું જો તમ્‌પદનો લક્ષાર્થ આત્મા છું, અને તત્‌પદનો લક્ષાર્થ બ્રહ્મ છું, એવી રીતે બ્રહ્મઆત્માની એકતાનો વીચાર કરી સત્ય જાણી અવીશેષ રાખવું જોઈએ કે હું કોણ છું અને બ્રહ્મ કોણ છે, એ વીચારના ઉપયોગનું ફળ કહેવાય. હવે એ વીચારનો અધીકારી કોણ છે? એ વિચારનો અધીકારી ઉત્તમ જીજ્ઞાસુ છે તે અધીકારી.

ગુરૂની કૃપાથી ઉપોદ્‌ઘાત આદી પ્રક્રીયાને વીચારીને હું આપ બ્રહ્મ છું. એવી રીતે બ્રહ્મ આત્માને અપરોક્ષ જાણો. હવે વેદાંત વીશે જીવબ્રહ્મનો ભેદ પ્રતિપાદન કર્યો છે અથવા અભેદ પ્રતિપાદન કર્યો છે તે પ્રમાણગત સંશય કહીએ. હવે જીવ બ્રહ્મનો ભેદ સત્ય છે અથવા અભેદ સત્ય છે તે પ્રેમગત સંશય કહીએ. એ બે પ્રકારના સંશય અસંભાવના કહીએ. હવે જીવ બ્રહ્મનો ભેદ સત્ય છે અથવા દેહાદીક પ્રપંચ સત્ય છે, એવું જે કહેવું તે વીપરીત ભાવના કહીએ.

લક્ષણગત ત્રણ દોષ છે તેનાં નામ. ૧ અતિ વ્યાપ્તી દોષ. ૨ અવ્યાપ્તી દોષ. ૩ અસંભાવના દોષ. હવે અતિ વ્યાપ્તી દોષ કોને કહીએ ? જે લક્ષણ લક્ષને વરતીને અલક્ષમાં ચાલ્યો જાય તેને અતિ વ્યાપ્તી કહીએ. હવે અવ્યાપ્તી કોને કહીએ? જે લક્ષ પોતાના લક્ષના એક માત્રને વરતે તેને અવ્યાપ્તી કહીએ. અસંભાવ દોષ કોને કહીએ?

જે લક્ષ પોતાના લક્ષ માત્રમાં ન વરતે તેને અસંભાવ દોષ કહીએ. હવે જ્ઞાનનું જન્ય, એટલે ઉત્પન્ન થાય છે. અને જ્ઞાનનું જનક એટલે ઉત્પન્ન કરનારૂં છે. ઉપર મુજબ જન્ય, જનક ભાવના સંબંધ અને સ્વગત સંબંધ અને સજાયતિ વિજાયતી એટલે શું?—આપણી જાતીવાળો સંબંધ હોય તેને સજાતીય કહેવાય. અને બ્રાહ્મણને શુદ્રનો સંબંધ હોય તે વિજાતીય કહેવાય. અને સ્વગત સંબંધ એટલે હાથ, પગ, માથું, અંગ વીગેરે સાથે લાગેલું તે સ્વગત સંબંધ કહેવાય. હવે ઓત પોત એટલે શું? લાંબુ, ચોળું, પહોળું અને એક તારથી ગુંથાએલું, તેને ઓત પોત કહે છે. હવે અગોચર એટલે શું? મન, ઇન્દ્રીઓનો વિષે જ્યાં પહોચે નહિ તેનું નામ અગોચર. હવે ગોચર એટલે શું? મન ઇન્દ્રીઓ વિષે કરે તેનું નામ ગોચર. હવે પાંચ ક્લેશના નામ. ૧ અવિદ્યા. ૨ અસ્મીતા, ૩ રાગ. ૪ દ્વેષ, ૫ અભીનીવેષ. એ પાંચ પ્રકારના ક્લેશ કહેવાય. પ્રાચીન એટલે શું?—એક દેશમાં રહેવાવાળો. અને ના ના એટલે શું? સજાતીય ભેદવાળું. વિભુ એટલે શું? સર્વમાં વ્યાપક. હવે જેમ દંડી પુરૂષ એટલે શું? દંડ એટલે વીશેષણ અને પુરૂષ એટલે વીશેષ છે. અને દંડી એવું જે જ્ઞાન છે તે વીશીષ્ટ જ્ઞાન કહેવાય. હવે ઉપાધીવાળો ઉપહીત કહેવાય. હવે અંતરીય રહીતનું નામ અવ્યાહીત કહે છે અને અંતરીય સહીતનું નામ

વ્યાવહીત કહીએ. હવે જેમ રાંઢવામાં સરપ દેખાય એ ભ્રાન્તીનું કારણ. કેમકે નીશ્ચે સર્પનું જ્ઞાન નહીં. હવે કીન્તુ સરપના જ્ઞાનના ધ્રુસ જન્ય સંસ્કાર. તે રાંઢવામાં સરપ ભ્રાન્તીનું હેતુ છે. હવે મોક્ષ બે પ્રકારના છે. ૧ મૂળ સહીત જગતની નીવૃત્તી ૨ બ્રહ્મની પ્રાપ્તિ. હવે મૂળ સહીત જગતની નીવૃત્તી કરવા કોઇ ઈચ્છા કરી શકતું નથી કીન્તુ શેની ઈચ્છા કરે છે તે પ્રકારના જે દુઃખ છે તેની નીવૃત્તિ કરવા વીવેકી પુરૂષ ઈચ્છા કરે છે. ત્રણ પ્રકારના કયા દુઃખ તેનાં નામ. ૧ અધ્યાત્મ, ૨ અધીભુત, ૩ ને અધીદેવ. હવે અધ્યાત્મ એટલે શું દુઃખ કહેવાય? અંગમાં ગુમડા રોગ વીગેરે દુઃખ થાય છે તે. અને અધીભુત દુઃખ શું કહેવાય? ભુત, પલીત, પ્રેત, વીગેરે દુઃખ થાય છે તે. અને અધીદેવ એ શું દુઃખ કહેવાય? વાયરો, વંટોળીઓ, ગર્જના, વીજળી, વરસાદ, અગ્ની વીગેરે. હવે અંતઃકરણ અને સુખ દુઃખ આદી લઇને અંતઃકરણના ધર્મ એ ઈન્દ્રીઓને અંતઃકરણના વિશે નહીં, એ સાક્ષીના વિશે છે. હવે ભ્રતીગ્યે અને ભ્રતીજ્ઞાનનો વિશે તેનું નામ અધ્યાસ છે. હવે વાદીની સંખ્યા સત્ વસ્તુના જ્ઞાન જન્ય સંસ્કાર અધ્યાસના હેતુ રજ્જુએ સત્ય સરપ છે. એ જ્ઞાનની ભ્રાન્તી હવે પરમાતા દોષ એટલે લોભ ને ભય કહેવાય અને પ્રમાણ દોષ એટલે આંખમાં કમળો કહેવાય અને પ્રમેય દોષ એટલે

સાદ્રષ્ટ દોષ કહેવાય. જે દોરડીમેં સરપ ભાસે તે ભ્રાન્તી. હવે અધીષ્ઠાનનું વિશેષ કરીને અજ્ઞાન અને સામાન્ય કરીને જ્ઞાન. માટે જ્ઞાન, અજ્ઞાન, અધિષ્ઠાનમેં હોય નહી. ઉપર મુજબ પાંચ પ્રકારની ભ્રાન્તીની સામગ્રી છે તે પાંચે ભ્રાન્તીનો દોષ છે. હવે સિદ્ધાંતી કહે છે. સજાતીય વસ્તુના જ્ઞાન જન્ય સંસ્કાર અધ્યાસના હેતુ છે. સજાતીય વસ્તુ સત્ય હો અથવા મીથ્યા હો, તો પરમાતા, પ્રમાણુ, અને પ્રમેય એ ત્રણ દોષ અધ્યાસના હેતુ નહી, અને ભ્રાન્તીના હેતુ નહીં. હવે સત્ વસ્તુના જ્ઞાનજન્ય સંસ્કારદ્વારા અધ્યાસના હેતુ છે. જેમ સત્ સરપનું જ્ઞાન સંસ્કારદ્વારા સરપ અધ્યાસનો હેતુ-છે. જેમ-સત્ બંધ હોય તો સત્ બંધનું જ્ઞાન હોય. માટે સિદ્ધાંતમાં તો અનાત્મ વસ્તુ કોઇ સત્ય છે નહી. માટે સત્ વસ્તુનું જ્ઞાન સંસ્કારદ્વારા અધ્યાસની સામગ્રી તેનો અભાવ થવાથી બંધ અધ્યાસરૂપ નહીં. કીન્તુ સત્ છે, એવું વાદીનું કહેવું, એ સંભવ્યા બને નહીં. કેમકે દોરડીને સરપ કહેવાય નહીં. સંસ્કારનું જનક જ્ઞાન છે સંસ્કારદ્વારા. જ્ઞાનના હેતુ છે એ અધ્યાસ—

હવે—જ્ઞાન જન્ય સંસ્કાર અધ્યાસના હેતુ છે શા માટે? સંસ્કારદ્વારા જ્ઞાનના હેતુ છે. અધ્યાસ, જ્ઞાન જન્ય સંસ્કારના હેતુ છે. સંસ્કાર અધ્યાસના હેતુ છે અને સંસ્કાર દ્વારા જ્ઞાનના હેતુ કહેવાથી જ્ઞાન જન્ય સંસ્કારથી

અભ્યાસ વિશે વસ્તુતા સિદ્ધ થાય છે. હવે ટટક્ષ લક્ષણા એટલે શું? દેવદત્ત નામનું ઘર કહેવાય. એ ટટક્ષ લક્ષણા કહેવાય અને દેવ દત્ત સાક્ષાત એટલે પોતે કહેવાય. હવે ચાર જ્યોતિ પ્રકાશ છે તેના નામ–૧ સૂર્ય જ્યોતી ૨ ચંદ્ર જ્યોતી ૩ અગ્ની જ્યોતી ૪ શબ્દ જ્યોતી. એ ચાર જ્યોતી પ્રકાશીક છે અને સૌનો પ્રકાશીક સૌને પ્રકાશ કરનારો તેની સત્તાથી જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તી, વસ્તુરચના, મનના સંકલ્પ વિકલ્પ મન પ્રતિબીંબથી દેખાય તે સર્વ મીથ્યા જાણો. સર્વનો પ્રકાશીકતો સત્ચીત્ આનંદ આત્મા છે. તે સોહમ પ્રકાશ ચૈતન્ય બીંબ છે. હવે ન્યાયીકના મતમાં તો પહેલાં જે સરપ જોયો હતો તે સરપનું નેત્રમાં જ્ઞાન થાય છે. દોરડીમાં ભ્રાન્તીથી સરપ દેખાય છે તેનું નામ અન્યથા ખ્યાતિ કહીએ. હવે અખ્યાતી, ખ્યાતીનો એવો મત છે કે અસત વસ્તુની પ્રાપ્તિ થાય તે વંધ્યાના પુત્ર સમાન છે માટે તેને અસત્ખ્યાતી કહે છે તે અસંગ છે. હવે અક્ષણુ વીજ્ઞાનખ્યાતી કહીએ તે આકાર રૂપ થઈને અક્ષણુ માત્ર રહે–અધિકાળ સ્થિતિ પ્રતિતી થાય નહિ તેને આત્મ ખ્યાતિ કહે છે તે અસંગ છે. હવે અન્યથાખ્યાતિ પ્રથમ ચીંતામણીના મતથીતો દોષીત છે કેમકે ચીંતામણી સફેદ રંગ છે. તે લાલ વસ્ત્ર ઉપર મુકીએ તો લાલ દેખાય છે. તે લાલ રંગ તેમાં મીથ્યા ભાસે છે કેમકે ચીંતામણી સફેદ છે તે લાલ થાય

નહી માટે અન્યથા ખ્યાતી કહેવાય તે અસંગ છે. હવે અજ્ઞાનના અનુસાર જ્ઞાન થાય. જેમ દોરડીમાં સરપ કહેવો તે વંધ્યાના પુત્ર સમાન છે તેથી અસત્ય ખ્યાતી કહે છે તે અસંગ છે. હવે સુન વાદી અસત્ય ખ્યાતી કહે છે. અને અક્ષણ વિજ્ઞાન વાદી આત્મ ખ્યાતી કહે છે. અને હવે ન્યાયીક વીશેષ મતમાંતો અન્યથા ખ્યાતી કહે છે. અને સાંખ્ય પ્રભાસ્કારના મતમાં તો અખ્યાતી કહે છે તે વંધ્યાના પુત્ર સમાન છે. હવે શોભ એટલે કાર્ય કરવા સન્મુખ થવા–હવે ઉપાદાન કારણ એટલે સામાન્ય સ્વભાવવાળો અન્યથા સ્વરૂપ પ્રમાણ ઉપાદા કારણથી વિપરીત સ્વભાવવાળું તે અન્યથા સ્વરૂપ છે. તે વીપરીત એટલે ખોટું છે. હવે અંતઃકરણની ચાર વૃત્તિઓ છે તેના નામ. હવે ખોટા ખરાને જાણનારી વૃત્તિ બુદ્ધિની કહીએ. હવે સંકલ્પ વિકલ્પ ને જાણનારી વૃત્તિ મનની કહીએ. હવે ચિંતા ને જાણનારી વૃત્તિ ચિત્તની કહીએ. હવે અભીમાનને જાણનારી વૃત્તિ અહંકારની કહીએ. હવે બે પ્રકારનું આત્માનું સ્વરૂપ છે. એકતો પરમાર્થ સ્વરૂપ છે ને બીજું અપરમાર્થ સ્વરૂપ છે. હવે અપરમાર્થ સ્વરૂપ એટલે જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ એ અપરમારથ રૂપ છે. હવે પરમારથ રૂપ તો તુર્યા પદ છે. એ પરમારથ સ્વરૂપ છે. હવે એવો ઓંકાર પણ દોષરૂપવાળો છે. હવે અકાર, ઉકાર, મકાર, એ ત્રણ માત્રા રૂપ જો વરણ કહેવાય તે તો અપરમા-

રથ કહેવાય હવે ત્રણ માત્રા વીશે વ્યાપીક જે અસ્તી, ભાતિ, પ્રીય, અધિષ્ઠાન ચૈતન્ય તે પરમારથ રૂપ છે.

હવે- ુતિવીશે-અ માત્રા રૂપ કહી છે. પણ પરમારથ રૂપ વિશે માત્રા વીભાગ છે નહી તેથી અમાત્રા કહી છે. હવે દોષરૂપવાળો જે અહંકાર છે તે આત્માથી અભેદ જાણો-હવે કર્મ બે પ્રકારના છે. એક વિહિત કર્મ તે તો સારૂ છે. બીજું નિષિદ્ધ કર્મ તે ખોટું છે. હવે ચાર પ્રકારના કર્મ થાય છે તેના નામ-૧ નિત્ય કર્મ, ૨ નિમિત્ત કર્મ, ૩ પ્રાયશ્ચિત કર્મ, ૪, કામુખ કર્મ, તે સર્વથી ખોટું છે. હવે અનુકુળતા સુખ કહીએ અને પ્રતિકુળતા નામ દુઃખ નું છે. ઉપર મુજબ પ્રકીયાઓ વાંચી સમજવી. ન સમજાય તો મહાત્મા સંતની પાસે જઇને સમજવી તે ભુલચુક હશે તો બતાવશે.

હવે પંચીકરણ કોષ્ટક અર્થ સાથે લખ્યા છે તે વાંચીને સમજવા.

સ્થુળ દેહના પંચભુતનું કોષ્ટક તેનાં નામ.

૧ આકાશ, ૨ વાયુ, ૩ તેજ, ૪ અપ, ૫ પૃથ્વી, હવે આકાશનાં કામ, ક્રોધ, મોહ, લોભ, ને ભય, એ પાંચ અને વાયુનાં ચલણ, વલણ, ધાવન, પ્રસારણ સંકુચન એ પાંચ,

હવે તેજના ક્ષુધા, તૃષ્ણા, આળસ, નીદ્રા, કાન્તી એ પાંચ. હવે અપના. શુક્ર, શોણીત, લાલ, મુત્ર, ને સ્વેદ એ પાંચ. હવે પૃથ્વીના. અસ્થી, માંશ, નાડી, ત્વચા, ને રોમ, એ પાંચ. હવે સ્થુળ દેહના. પંચીકૃત. પૃથ્વીના પ્રથમતો, અસ્થી, માંસ, નાડી, ત્વચા, ને રોમ, હવે અપના પ્રથમતો, સુણીત, શુક્ર, મુત્ર, સ્વેદ, ને લાળ, હવે તેજના પ્રથમતો, આળસ, કાન્તી, ક્ષુધા, તૃષ્ણા, ને નીંદ્રા. હવે વાયુના પ્રથમતો, સંકુચન, ચલણ, વલણ, ધવણ, ને પ્રસરણ, હવે આકાશના પ્રથમતો, કટાકાશ, ઉદરાકાશ, હૃદયાકાશ, કંઠાકાશ, શીરાકાશ, હવે પ્રથમ પાંચ ભુતમાંથી અકેકા ભુતમાંથી પાંચ પાંચ ભાગ કરવા. તેમાં મુખ્ય એક ભાગમાંથી અરધો ભાગ એક ભુત ને આપવો અને અરધો ભાગ રહ્યા તેના ચાર ભાગ કરવા તે ચાર ભુતોને આપવા. એ મુખ્ય અરધો ભાગ પૃથ્વીને આપવો ને બાકી અરધો ભાગ રહ્યો તેના ચાર ભાગ કરીને જળ, તેજ, વાયુ, ને આકાશને આપવો.

હવે મુખ્ય અરધો ભાગ જળને આપવો. બાકી અરધો ભાગ રહ્યો તેના ચાર ભાગ કરવા. તે તેજ, વાયુ, આકાશ ને પૃથ્વીને આપવા. હવે મુખ્ય અરધો ભાગ તેજને આપવો ને બાકી અરધો ભાગ રહયો તેના ચાર ભાગ કરીને વાયુ, આકાશ, પૃથ્વી, ને જળને આપવો, હવે મુખ્ય અરધો ભાગ વાયુને આપવો. અને બાકી અરધો

ભાગ રહ્યો તેના ચાર ભાગ કરીને આકાશ, પૃથ્વી, જળ, ને તેજને આપવો. હવે મુખ્ય અરધો ભાગ આકાશને આપવો. જે અરધો ભાગ બાકી રહ્યો તેના ચાર ભાગ કરીને પૃથ્વી, જળ, તેજ, ને વાયુને આપવો, એવી રીતે દરેક ભુતોના પાંચ પાંચ ભાગ કરીએ તો સર્વે ભુતોમાં પાંચ ભુત ભેગા રહે છે તે જાણવા. હવે પાંચ જ્ઞાનેંદ્રીય અને પાંચ કર્મેન્દ્રીય ને પાંચ ભુક્તા. એ પંદર ઇન્દ્રીયો અને તેના પંદર વિષયો અને તેના પંદર દેવતાના નામ. પ્રથમ પાંચ જ્ઞાનેંદ્રીયો. ૧ શ્રોત્રઈન્દ્રી શબ્દ વિષય, અને દીશા દેવતા. હવે ત્વચા ઈન્દ્રી, સ્પર્શ વિષે. વાયુ દેવતા; હવે ચક્ષુ ઈન્દ્રી, રૂપ વિષે. સૂર્ય દેવતા. હવે જીભ્હા ઇન્દ્રી રસ વિષે વરૂણ દેવતા. હવે ઘ્રાણઇન્દ્રી ગંધવિષય અશ્વનીકુમાર દેવતા. બીજી કર્મેન્દ્રીઓ પાંચ—વાક્ ઈન્દ્રી, વચન વિષે, અગ્ની દેવતા. હવે પાણી ઇન્દ્રી આદાન વિષય, ઈન્દ્ર દેવતા, હવે પાદ ઈન્દ્રી ગમન વિષે. ઉપેન્દ્ર દેવતા, હવે શિશ્ન ઇન્દ્રી આનંદ વિષે, પ્રજાપતી દેવતા હવે ગુદા ઇન્દ્રી. મળ ઉતસર્ગ વિષે. મૃત્યુ દેવતા. હવે ત્રીજી પાંચ ભુક્તાની ઈન્દ્રીઓ. અંતઃકરણઈન્દ્રી સ્ફુરણા વિષે, વિશ્નુદેવતા, હવે મન ઈન્દ્રી, સંકલ્પ વિકલ્પ વિષે, ચંદ્રમા દેવતા. હવે બુદ્ધિ ઈન્દ્રી, નિશ્ચય વિષે. બ્રહ્મા દેવતા હવે ચિત્ત ઈન્દ્રી ચૈતન્ય વિષે નારાયણદેવતા. હવે

અહંકાર ઈન્દ્રી, અભીમાન વિષે, રૂદ્ર દેવતા. હવે આકાશના પાંચ અંતઃકરણના ભુઝ્ના તેના નામ. હવે અંતઃકરણમાં જે સ્ફુરણા થાય છે. તે વિશ્નુ દેવતાથી. હવે મનને સંકલ્પ વિકલ્પ થાય છે. તે ચંદ્રમા દેવતાથી હવે બુદ્ધિને જે નિશ્ચય થાય છે. તે બ્રહ્મા દેવતાથી હવે ચિતને જે ચિંતન થાય છે. તે નારાયણ દેવતાથી હવે અહંકારને અહંપણું થાય છે. તે રૂદ્ર દેવતાથી હવે વાયુના પાંચ વાહનના નામ.

હવે વ્યાન વાયુ દેહ સ્થાનમાં રહે છે તે કામ શું કરે છે? તે આ દેહની સાંધી મેળવે છે. હવે સમાન વાયુ નાભીસ્થાનમાં રહે છે. તે કામ શું કરેછે? અન્ન પાણી નાડીદ્વારા પહોંચાડે છે. હવે ઉદાન કંઠ સ્થાનમાં રહે છે તે કામ શું કરેછે? અન્ન પાણીનો વીભાગ કરીને હેતા નાડીમાં સ્વપ્નું દેખાડેછે. હવે પ્રાણ વાયુ હૃદય સ્થાનમાં રહેછે. તે કામ શું કરેછે? એકવીશહજાર છસો શ્વાસ કરેછે. હવે અપાનવાયુ ગુદસ્થાનમાં રહેછે તે કામ શું કરે છે? મળ સંસર્ગનો ત્યાગ કરે છે. હવે તેજની જ્ઞાનેંદ્રીઓ પાંચ દ્વારા તેના નામ. હવે શ્રોત્રા ઇન્દ્રીના દીશા દેવતા તેણે કરીને શબ્દ શ્રવણ થાય છે. નહીંતર તે વીના બહેરો શબ્દ સાંભળે નહીં. હવે ત્વચાના દેવતા વાયુ તેણે કરીને દેહને ટાઢું ઉનું જણાય સ્પર્શ થવાથી. હવે ચક્ષુના દેવતા સૂર્ય. તેણે કરીને રૂપ દેખાય છે

તે વીના આંધળો. હવે જીભ્હાના દેવતા વરૂણ તેણે કરીને રસસ્વાદ જણાય છે. હવે ઘ્રાણના દેવતા અશ્વનીકુમાર કરીને સુગંધ દુર્ગંધ જણાય છે. હવે અપનીકર્મ ઇન્દ્રીઓ પાંચ દ્વારાના નામ. હવે વાકના દેવતા અગ્ની તેણે કરીને શબ્દ બોલાય છે નહીંતર તે વીના મુંગો. હવે પાણીના દેવતા ઈન્દ્ર તેણે કરીને પદારથ લેવાય દેવાય છે તે વીના ઠુંઠો, હવે પાદના દેવતા ઉપેન્દ્ર તેણે કરીને જવાય અવાય છે. તે વીના પાંગળો, હવે શીશ્નના દેવતા પ્રજાપતિ તેણે કરીને મુત્ર રતીભોગ થાય છે. તેના વીના નપુસક, ગુદાના દેવતા મૃત્યુ તેણે કરીને મળ ઉત્સર્ગ થાય છે. હવે પૃથ્વીના પાંચ વિષય તેના નામ ૧ શબ્દ, ૨ સ્પર્શ, ૩ રૂપ, ૪ રસ, ૫ ગંધ, એ પાંચ. હવે પાંચ વિષયોના દાખલા નીચે મુજબ. હવે શબ્દનો વીષય પારધીનાદ વગાડે એટલે મૃગ દોડતો આવે. તેના નાદના વિષયમાં મૃગ મરણ પામે છે. હવે સ્પર્શનો વિષય હાથી પકડવા એક ખાડો ઉંડો ખોદીને તેના ઉપર લીલું ઘાસ બીછાવે છે, અને તેના ઉપર એક કાગળની હાથણી કરીને ઉભી રાખે છે. તેનો સ્પર્શ કરવા હાથી આવેછે અને ખાડામાં પડી બહુ દુઃખ પામે છે.

હવે રૂપનો વિષય પતંગીઓ દીવાનું રૂપ ભાળીને ઉડતો ઉડતો આવીને દીવામાં પડે છે. અને તે પ્રાણ ખુએ છે. હવે રસનો વીષય માછલીને પારધી લોકો લોઢાને

કાંટે તેને દોરી બાંધે છે અને તે કાંટામાં લોટ ભરાવે છે. તે માછલી ગળી જાય છે. પછી કાંટો ગળામાં ભરાય છે એટલે પ્રાણ જાય છે. હવે ગંધ એટલે સુગંધી પાણીમાં કમળ દીવસે ખીલે છે એટલે તેની સુગંધ લેવા ભમરો ઉડતો આવે છે તેની સુગંધમાં લીન થઇ જાય છે. સાંજ પડે કમળ બીડાય જાય છે એટલે ભમરાનું મૃત્યુ થાય છે. હવે અધ્યાત્મ, અધિભુત, ને અધિદેવ, પાંચ અંતઃકરણ વીગેરેના ભુક્તા પાંચ જ્ઞાનેંદીય અને પાંચ કર્મેન્દ્રીય એ સર્વેમાં અધ્યાત્મ, અધીભુત, ને અધીદેવ, ભેળા છે તેના નામ. હવે અંતઃકરણ અધ્યાત્મ અને સ્ફુરણા અધીભુત અને વીશ્નુ એનો અધીદેવ–મન અધ્યાત્મ, સંકલ્પ વિકલ્પ અધીભુત, અને ચંદ્રમા અધીદેવ, અને હવે બુદ્ધિ અધ્યાત્મ, નિશ્ચય અધીભુત, અને બ્રહ્મા અધીદેવ, હવે ચિત અધ્યાત્મ, અને ચિંતન અધીભુત, અને નારાયણ અધીદેવ, અને હવે અહંકાર, અધ્યાત્મ, અભીમાન, અધીભુત, રૂદ્ર, અધીદેવ. હવે પાંચ જ્ઞાનેંદ્રીય તેના અધ્યાત્મ, અધીભુત અને અધીદેવ તેના નામ. હવે શ્રોત્ર અધ્યાત્મ, શબ્દ અધીભુત, દીશા અધીદેવ. હવે ત્વચા, અધ્યાત્મ, સ્પર્શ અધીભુત અને વાયુ અધીદેવ. હવે ચક્ષુ અધ્યાત્મ, રૂપઅધીભુત, અને સૂર્યઅધીદેવ. હવે જીભ્હા, અધ્યાત્મ, રસઅધીભુત, અને વરૂણ અધીદેવ, ઘ્રાણ અધ્યાત્મ, સુગંધ દુર્ગંધ અધીભુત, અને અશ્વનીકુમાર અ-

ધીદેવ. હવે પાંચ કર્મેન્દ્રીય તેના નામ. વાક (મોઢું.) અધ્યાત્મ, (વચન બોલવું) અધીભુત, અગ્ની અધીદેવ, ને પાણી (હાથ.) અધ્યાત્મ આદન (લેવું દેવું) અધીભુત ઇન્દ્ર અધીદેવ. હવે પાદ (પગ) અધ્યાત્મ, ગમન (જવું આવવું) અધીભુત, ઉપેન્દ્ર અધીદેવ, અને હવે શીક્ષ (ઇન્દ્રી) અધ્યાત્મ, આનંદ (રતીભોગ) અધીભુત અને પ્રજાપતી અધીદેવ. હવે ગુદા અધ્યાત્મ મળ ઉત્સર્ગ, અધીભુત મૃત્યુ અધીદેવ.

હવે પાંચ ભુકતા, પાંચ જ્ઞાનેંદ્રીય, પાંચવાયુ, ને પાંચ કર્મેન્દ્રીય, ને પાંચ વિષય એ કયા કયા ગુણમાંથી ઉત્પન્ન થાય છે તેના નામ. હવે અંતકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર અને શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીભ્હાને ઘ્રાણ એ પાંચ ભુકતા, ને પાંચ જ્ઞાનેંદ્રીયો એ દશ ઇન્દ્રીયો સત્વગુણની છે. હવે વ્યાન, શમાન, ઉદાન, પ્રાણ, અપાન, એ પાંચ વાયુની જે વાક પાણી. પાદ, શીશ, ગુદા, એ પાંચ કર્મેન્દ્રીઓ એ દશે ઇન્દ્રીઓ રજો ગુણની છે. હવે શબ્દ, સ્પર્શ, રૂપ; રસ, ગંધ, એ પાંચ વિષયો તમો ગુણની છે. હવે પાંચ ભુત આકાશ, વાયુ, તેજ, અપ ને પૃથ્વી, હવે પાંચ ભુકતાં, અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, ને અહંકાર ને પાંચ વાયુ (ઘોડા) વ્યાન, સમાન, ઉદાન, પ્રાણ, અપાન, હવે પાંચ દ્વારા શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીભ્હા, ઘ્રાણ, હવે પાંચ સેવક વાક, પાણી, પાદ, શિક્ષ, ગુદા, હવે આકાશના. અંતઃકરણ,

કર્તા, ભુકતા, બ્યાન, વાયુ ઘોડા ઉપર બેસીને શ્રોત્ર દ્વારા આવ્યો શબ્દ વિષય કર્યોને વાક્ એનો સેવક. હવે વાયુના કર્તા ભુકતા, સામાન્ય વાયુ ઘોડા ઉપર બેસીને ત્વચા દ્વારા આવ્યો, સ્પર્શ વિષય કર્યો, પાણી તેનો સેવક, હવે તેજના બુદ્ધિ કર્ત્તા ભુકતા, ઉદાન વાયુ ઘોડા ઉપર બેસીને ચક્ષુ દ્વારા આવ્યો રૂપ વિષે કર્યો પાદ તેનો સેવક. હવે અપનો ચીત કર્તા ભુકતા પ્રાણ વાયુ ઉપર બેસીને જીંહા દ્વાર આવ્યો રસ વિષય કર્યો શીશ્નએનો સેવક. હવે પૃથ્વી નો અહંકાર કર્તા ભુકતા અપાન વાહન ઘોઠા ઉપર બેસીને ધ્રણ દ્વારા આવીને ગંધ વિષયો કર્યો ગુદા તેનો સેવક

હવે અડજ, ઉત્બીજ, જરાયુજ, અને સ્વેતજ, એ ચાર ખાણ છે તે ખાણ ને તેના જીવોનું નામ. હવે અડજના પક્ષી જીવ થાય છે. ઉત્બીજના વૃક્ષ ઝાડ થાય છે. જરાયુજના માણુસને પશુ થાય છે સ્વતજના જુ, લીખ, ઝીણા જીવ થાય છે એ ચાર ખાણની ઉત્પત્તિ કહી છે. હવે ચાર દેહ ના નામ સ્થુળદેહ, સુક્ષ્મદેહ, કારણદેહ, હવે ચાર અવસ્થાનાં જાગ્રત અવસ્થા. સ્વપ્ન અવસ્થા. સુષુપ્તિ અવસ્થા. તુર્યા અવસ્થા. હવે ચાર સ્થાનના નામ, નેત્ર સ્થાન. કંઠ સ્થાન. હૃદય સ્થાન. મુર્ધ્નીસ્થાન. હવે ચાર વાચા. વૈખરીવાચા. મધ્યમ વાચા; પશ્યન્તીવાચા, પરાવાચા. હવે ચાર ભોગના નામ, સ્થુલભોગ પરવીવકતભોગ, આનંદભોગ, આનંદ ભાસભોગ, હવે ચાર

શકતીના નામ. ક્રીયાશકતી, જ્ઞાનશકતી, દ્રવ્યશકતી, ઇચ્છા શકતી, હવે ચાર ગુણના નામ. રજોગુણ, સત્વગુણ, તમોગુણ, શુદ્ધતત્વગુણ, હવે ચાર માત્રાના નામ, અકારમાત્રા; ઉકાર માત્રા, મકારમાત્રા, અર્ધમાત્રા, હવે ચાર અભીમાનનાં નામ, વીશ્વઅભીમાન, તેજસઅભીમાન, પ્રાજ્ઞઅભીમાન અને પ્રત્યક્ષ આત્મા અભીમાન, હવે સ્થુલ દેહનાતત્વ જાણુવા. હવે સ્થુળ દેહના. જાગ્રતઅવસ્થા, નેત્રસ્થાન, વૈખરીવાચા, સ્થુળ ભોગ જાણુ, ક્રીયા શકતી, રજોગુણુમાન, અકારમાત્રા. વીશ્વઅભીમાન, હવે સુક્ષ્મદેહના તત્વ જાણુ, સુક્ષ્મ દેહના, સ્વપ્ન અવસ્થા, કંઠ-સ્થાન, મધ્યમ વાચા, પરવી વકત ભોગજાણુ, જ્ઞાન શકતી, સત્વ ગુણુ માન, ઉકારમાત્રા. અને તેજસ અભીમાન, હવે કારણુ દેહના તત્વજાણુ. કારણુ દેહના સુષુપ્તી અવસ્થા. હૃદયસ્થાન પશ્યન્તીવાચા. આનંદભોગ જાણુ, દ્રવ્યશકતી. તમોગુણુમાન, મકારમાત્રા, અને પ્રાજ્ઞ અભીમાન. હવે મહાકારણુ દેહના, મહાકારણુ દેહના તુર્યા અવસ્થા, મુર્દ્નાસ્થાન, પરાવાચા. આનંદભાસ, ભોગજાણુ, ઇચ્છા શકતી, શુદ્ધતત્વ ગુણુમાન, અર્ધમાત્રા અને પ્રત્યક્ષ આત્મા અભીમાન, ઉપર મુજબ તત્વને સારી પેઠે જાણુવા. હવે ખટ્ સંપત્તિ કહે છે તેનાં નામ નીચે મુજબ ૧ સમ ૨ દમ ૩ ઉપ્રતીઉપરામ ૪ તતીક્ષણુ ૫ શ્રદ્ધા ૬ સમાધાન. હવે સમ એટલે મનનો નીરોધ. હવે દમ એટલે વિષયોમાંથી ઇન્દ્રીઓને એકે ગ્રહે કરવી. હવે ઉપ્રતીઉપરામ એટલે પ્રપંચની નીવૃત્તિ. હવે તતીક્ષણુ

એટલે ધર્મની સહાયતા ટાઢુ ઉનું સહેવું. હવે શ્રદ્ધા એટલે સદ્દગુરૂના વચનમાં અને સદી શાસ્ત્રના વચન સાંભળી દ્રઢ ભક્ની કરવી.

હવે સમાધાન એટલે શું ? સલક્ષણુ એકે ગ્રહે ચિત રાખવું. ઉપર મુજબ ખટ સંપતી વીચારવી. હવે ખટવીકાર તેના નામ. જયેત, અસ્તિ, વર્ધતે, વીપરીણુમતે, અપક્ષાય, વનસાયતી, એ ખટવીકાર કહેવાય છે હવે જયતે એટલે જન્મ્યો. અને અસ્તિ એટલે જન્મ્યા પછી. અને વર્ધતે એટલે વધે છે, વીપરીણુયતે, એટલે જવાન, અપક્ષા, એટલે ઘરડો, વનસાયતી એટલે મરી જાય છે ઉપર મુજબ ખટવીકાર સમજવા. હવે ખટઉર્મી તેના નામ, જન્મ, મરણુ; ક્ષુધા, પીપાસા. હરખ. શોક. એ છ ઉર્મીઓ કહેવાય છે. હવે જન્મ મરણુ દેહને છે, ક્ષુધા પીપાસા પ્રાણુને છે, હરખ શોક મનને છે. એ પ્રમાણે ખટ ઉર્મીઓ વીચારવી. હવે ખટ લીંગ નીચે મુજબ તેના નામ. ઉપક્રર્મો સંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફળ, અર્થવાદ, ઉપપતી, એ છ લીંગ કહેવાય છે હવે ઉપક્રર્મો સંહાર એટલે શું ? જગત આત્મરૂપ છે. હવે અભ્યાસ એટલે શું ? તે બ્રહ્મતુંજ છે. પ્રેત્યઆત્મા હવે અપૂર્વના એટલે શું ? કોઈ પ્રમાણુની બ્રહ્મમે અપેક્ષા નથી. હવે ફળ એટલે શું ? જ્ઞાને કરીને મોક્ષની પ્રાપ્તિ થાય છે. હવે અર્થવાદ એટલે શું ? જ્ઞાને કરીને જણાય તે પ્રસંશા. હવે ઉત્પતિ એટલે શું ? નામ

રૂપ મિથ્યા ને બ્રહ્મસત્ય છે. એવી રીતે છ લીંગ વાંચીને સમજવા. હવે પાંચ વાયુના નામ નીચે મુજબ. કુર્ય વાયુ, ક્રુકળવાયુ, દેવદત્ત વાયુ, નાગ વાયુ, ધનજા વાયુ, એ પાંચ પ્રકારનાં. હવે કુર્મ વાયુથી આંખ મીચાય છે, હવે ક્રુકળ વાયુથી છીંક આવે છે, હવે દેવદત્ત વાયુથી બગાસુ આવે છે. હવે નાગ વાયુધી ઓડકાર આવે છે. હવે ધનજા વાયુથી દેહને ફુલાવે છે અને મડદાને પણ ફુલાવે છે. એ પાંચ પ્રકારના વાયુ છે તે ઉપર મુજબ તેની ક્રીયાઓ જે થાય છે તે સમજી લેવી.

॥ हरी ॐ तत् सत् ॥

समाप्त